CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૩ ● અંક : ૧૮૪
તા.૦૮-૦૮-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ વદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૩    સૂર્યાસ્ત : ૦૭:૧૭

તાપમાન
ડીસા ૩૨.૦ | વડોદરા ૩૨.૫
અમદાવાદ ૩૩.૩ | સુરત ૩૦.૪
ગાંધીનગર ૩૩.૫ | નલિયા ૩૧.૨

ચાંદી : ૩૯૫૦૦    સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17    RNI No 20508/71    Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ગુજરાતમાં રાજયસભાની ૩ સીટ માટે આજે મતદાન

**ભાજપના અમિત શાહ અને કોંગ્રેસના એહમદ પટેલ એમ બે ચાણકયો વચ્ચે અહમ્ અને પ્રતિષ્ઠાનો જંગ : બંને દિગ્ગજોનું પાણી મપાશે : કુલ ચાર ઉમેદવાર**

અમદાવાદ

જેના પર દેશના તમામ રાજકીય પક્ષોની નજર કેન્દ્રિત થઈ છે તે ગુજરાતની રાજયસભાની ત્રણ બેઠકોની આવતીકાલે પ્રતિષ્ઠાભરી ચૂંટણી યોજનાર છે. આ હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ડ્રામાથી ભરપૂર એવા આ ચૂંટણી જંગમાં ભાજપ અને કોંગ્રેસે પોતપોતાના ઉમેદવારોને વિજયી બનાવવા ખાસ ચક્રવ્યૂહ અને કૂટનીતિ ઘડવામાં આવી છે. આ માત્ર રાજયસભાની ચૂંટણી નથી પરંતુ એક રીતે ભાજપના અમિત શાહ અને કોંગ્રેસના એહમદ પટેલ એમ બે ચાણકયો વચ્ચે અહમ્ અને પ્રતિષ્ઠાનો જંગ છે. રાજયસભાની ચૂંટણીના પરિણામો પરથી બંને દિગ્ગજોનું પાણી મપાઈ જશે. સૌકોઈની નજર આવતીકાલના મતદાન પર મંડાઈ છે. ભાજપે રાજયસભાની ચૂંટણીમાં આ વખતે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને સૌપ્રથમવાર મેદાનમાં ઉતાર્યા છે તો, સાથે સાથે કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની અને તાજેતરમાં જ કોંગ્રેસ સાથે છેડો ફાડીન ભાજપમાં સામેલ થયેલા બળવંતસિંહ રાજપુતને પણ ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. ભાજપે બળવંતસિંહ રાજપુતને મેદાનમાં ઉતારીને કોંગ્રેસના ઉમેદવાર અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલ માટે મુશ્કેલી વધારી દીધી છે. જો કે, ભાજપ અને કોંગ્રેસ માટે રાજયસભાની આ વખતની ચૂંટણી પ્રતિષ્ઠા અને ઈજ્જતના સવાલ સમી બની હોઈ કોઈપણ ભોગે જીતવા બંને પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. આ માટે એકબાજુ ભાજપના ચાણકય એવા અમિત શાહ દ્વારા ગઈકાલથી બેઠકોનો દોર ચલાવાયો હતો તો, બીજીબાજુ, કોંગ્રેસના ચાણકય એહમદ પટેલે પણ ગઈકાલે મોડી રાત સુધી પક્ષના આગેવાન અને વિશ્વાસુ નેતાઓ સાથે બેઠકો યોજી રણનીતિ ઘડી હતી. ભાજપ માટે તેના ઉમેદવારોની જીત નિશ્ચિત મનાઈ રહી છે તો શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ પક્ષમાંથી છેડો ફાડયા બાદ છ ધારાસભ્યોના રાજીનામા બાદ તૂટેલી કોંગ્રેસ માટે એકએક મતની ગણતરી ઘણી કિંમતી અને મૂલ્યવાન મનાઈ રહી છે. કોંગ્રેસના બીજા સાત ધારાસભ્યોનું વલણ પણ સ્પષ્ટ નહી હોઈ કોંગ્રેસ પાસે હાલ મતોની કટોકટી છે તેમ છતાં કોંગ્રેસ એહમદ પટેલને જીતાડવા માટેના ૪૫ મત અનુસંધાન પાના નં.૬

**અન્ય બે ત્રાસવાદીઓ ફરાર થઇ જવામાં સફળ રહ્યા**

## અમરનાથ યાત્રી ઉપર હુમલામાં સામેલ તોઇબાનો ત્રાસવાદી ઠાર

**કાશ્મીરના અબુ ઇસ્માઇલ ગ્રુપના ભાગરુપે રહેલા ત્રાસવાદી ઉંમરને ઠાર કરાયો : ઠાર થયેલા ત્રાસવાદીની પાસેથી એકે ૪૭ સહિતના હથિયારો જપ્ત**

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના પુલવામાંના સમ્બુરામાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં લશ્કરે તોયબાનો વધુ એક ત્રાસવાદી આજે ઠાર થયો હતો. તેની પાસેથી પણ મોટી માત્રામાં વિસ્ફોટકો મળી આવ્યા હતા. ઠાર થયેલો ત્રાસવાદી અમરનાથ યાત્રીઓ ઉપર કરવામાં આવેલા હુમલામાં સામેલ હતો. અલબત્ત આજે બે ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ઉંમર તરીકે ઓળખાયેલો આ આતંકવાદી ૧૦મી જુલાઈના દિવસે કરાયેલા હુમલામાં સામેલ હતો. જમ્મુ કાશ્મીર ડીજીપી એસપી વૈદ્યએ માહિતી આપતા કહ્યું હતું કે, પુલવામામાં સત્તાવાળાઓએ ઈન્ટરનેટ સેવા બંધ કરી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાનો મુખ્ય હેતુ રહેલો છે. સમ્બુરામાં કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જાણકારી મળ્યા બાદ મોડી રાત્રે ૫૦ રાષ્ટ્રીય રાઈફલ્સ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના જવાનોએ ઘટના સ્થળ પર પહોંચીને ઓપરેશન હાથ ધર્યુ હતુ. એ વેળા છુપાયેલા ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા એક ત્રાસવાદીઓ ઠાર થયો હતો. માર્યા ગયેલા ત્રાસવાદીની ઓળખ અબુ ઈસ્માઈલ ગ્રુપના ઉમર તરીકે થઈ છે. બીજો ત્રાસવાદી લશ્કરનો કમાન્ડર અયુબ લલહારી છે. છેલ્લા ચાર દિવસમાં આઠ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. શનિવારના દિવસે સોપોરેમાં ભીષણ અથડામણમાં લશ્કરના ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. જમ્મુ કાશ્મીરાના જુદા જુદા વિસ્તારમાં ત્રાસવાદીઓનો ખાતમો બોલાવી દેવા માટે સેના અને સુરક્ષા દળો આક્રમક વલણ અપનાવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ અને સુરક્ષા દળો વચ્ચે શાનદાર તાલમેલના કારણે સરકાર ત્રાસવાદીઓની સામે હવે જોરદાર જંગ ખેલવા અને તેમને ખતમ કરવાને લઈને આશાવાદી છે. જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં ગયા મંગળવારે સવારે ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાનો ખતરનાક ત્રાસવાદી અને લીડર તરીકેની ભૂમિકામાં રહેલો અબુ દુજાના ઠાર થયો હતો. સુરક્ષા દળો સાથેની અથડામણમાં દુજાના સાથે તોયબાનો અન્ય કુખ્યાત ત્રાસવાદી આરિફ લિલહારી તેમજ અનુસંધાન પાના નં.૬

**ધારાસભ્યોએ રિસોર્ટમાં રક્ષાબંધનની ઉજવણી કરી**

## ૪૪ કોંગ્રેસી ધારાસભ્યોની અંતે ઘરવાપસી : આજે મતદાન કરશે

**તમામ ધારાસભ્યો ઇન્ડિગોની ફ્લાઇટમાં સવારે ૪.૪૫ વાગ્યા અમદાવાદ લવાયા બાદ સીયા ખાનગી ટ્રાવેલ્સની બસથી આણંદ રિસોર્ટ લઇ જવાયા**



અમદાવાદ

ગુજરાત કોંગ્રેસના ૪૪ કોંગ્રેસી ધારાસભ્યો આજે વહેલી પરોઢે સઘન સુરક્ષા વચ્ચે અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા. લગભગ એકાદ કલાક બાદ તમામ ધારાસભ્યોને એરપોર્ટ પરથી જ સીધા આણંદ-બોરસદ રોડ પરના નિજાનંદ રિસોર્ટ પર લઈ જવાયા હતા. પોલીસના કોન્વોય અને લોખંડી સુરક્ષા વચ્ચે કોંગ્રેસના ધારાસભ્યોને બે ખાનગી ટ્રાવેલ્સની બસ મારફતે નિજાનંદ રિસોર્ટમાં લઈ જવાયા હતા. કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાની બહેનો, પરિવારજનો અને મિત્રવર્તુળ સાથે રિસોર્ટમાં જ રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરી હતી. રિસોર્ટની ફરતે પણ કડક સુરક્ષા વ્યવસ્થા ખડકી દેવાઈ હતી. હવે આવતીકાલે સવારે લોખંડી અભેદ્ય સુરક્ષા કવચ સાથે કોંગ્રેસના તમામ ધારાસભ્યોને રિસોર્ટથી સીધા ગાંધીનગર વિધાનસભા ગૃહ ખાતે રાજયસભાની બેઠકના મતદાન માટે લઈ જવાશે. જયાં કોંગ્રેસના ધારાસભ્યો વિધિવત્ મતદાન કરશે. ભાજપની તોડફોડ નીતિના કારણે કર્ણાટકના બેંગ્લુરૂ ખાતે ઈગલટોન રિસોર્ટમાં છેલ્લા નવ દિવસથી રખાયેલા કોંગ્રેસના તમામ ધારાસભ્યોને ઈન્ડિગોની ફલાઈટ મારફતે સોમવારે સવારે ૪.૪૫ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા. જયાંથી ૫-૪૦ મિનિટે તમામ કોંગ્રેસી ધારાસભ્યોને સીધા જ આણંદ સ્થિત નિજાનંદ રિસોર્ટ ખાતે લઈ જવાયા હતા. એરપોર્ટ પર સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. તો, કોંગ્રેસના કાર્યકરો અને યુવા નેતાઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ધારાસભ્યો ઉતરાણ કરે તે પહેલા જ પ્રાઈવેટ અનુસંધાન પાના નં.૬

### વિચાર વૈભવ...

## રીસ કાઢવાનો થાંભલો

એક જમાનો હતો જ્યારે વિદ્યાર્થીને વધારે મારનાર શિક્ષકનો ગામમાં વટ પડતો. સોટી ચમચમ વાગે ત્યારે વિદ્યા ધમધમ આવે એ વાતમાં હવે કોઈ વિશ્વાસ ન રાખે પરંતુ હજી આપણી નિશાળોમાં વિદ્યાર્થીઓને માર પડે છે. ઘરે માબાપ પોતાનાં બાળકોને મેથીપાક જમાડે તેની સામે ભાગ્યે કોઈ ઊહાપોહ થતો જોવા મળે છે. પરદેશોમાં આવા ત્રાસ સામે બાળકો કોર્ટમાં ફરિયાદ નોંધાવી શકે છે.

આપણા શિક્ષકો શિક્ષા('શિક્ષા' નો અર્થ હિંદીમાં 'શિક્ષણ' થાય છે) પણ જાતજાતની કરતા. હમણાં એક જમણ વખતે શિખંડ પીરસવામાં ફૂટપટ્ટીનો ઉપયોગ થતો જોયો ત્યારે તાપીકાંઠે આવેલી પ્રાથમિક શાળામાં વીતેલા દિવસો તાજા થયા. ફૂટપટ્ટી ભાંગી જાય ત્યાં સુધી કોઈ માથાભારે વિદ્યાર્થીની કુમળી હથેલી પર એ વીંઝાતી રહેતી. પછી તો આખા વર્ગમાં શિક્ષકનો વટ પડતો. ફૂટપટ્ટી ભાંગી જતી પરંતુ સાહેબનો અહં તો અકબંધ! લીટી દોરવા માટે વપરાતી ગોળમટોળ આંકણી અવાજ કર્યા વગર ઠંડો માર મારતી. એ નિષ્ઠુર આંકણીનું મૌન તો કુમળા બાળકનું રુદન જ તોડી શકતું. એક સાહેબ વિદ્યાર્થીઓને જોરથી ચૂંટી ખણતા અને તેય પાટલૂનની અંદર છેક જાંઘ પાસે જ. ઊંધે માથે લટકાવીને નીચે બળતું કરવાની વાતો ઘણીવાર થયેલી પણ સદ્‌ભાગ્યે એનો અમલ નહોતો થયો. એક સાહેબે વર્ગમાં ખૂબ જ મૌલિક કહી શકાય એવી ખતરનાક ધમકી આપેલી. કંપાસના ડબ્બામાં બે તીક્ષ્ણ અણીઓવાળું ડિવાઈડર ઊંધું ગોઠવીને કઈ તોફાની બારકસને તેના પર બેસવાની સજા કરવાની વાત તેઓએ કરેલી.

માત્ર બાળકોને જ નહીં, પત્નીને ઝૂડી નાખનારા પતિદેવો પણ હોય છે. આ અંગે થોડાંક વર્ષો પર કાકાસાહેબે એક સુંદર સૂચન કર્યું હતું. ઘરમાં એક રીસ કાઢવાનો થાંભલો રાખ વાનો અને કોઈ પણ રીસ ચઢે અને એને ધીબી કાઢવાનો ચળ ઊપડે ત્યારે થાંભલાને માર પડે એવું ગોઠવવું. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આ ઉપાય ઘણો અસરકારક જણાય છે. ઘણાં શિક્ષકો અને માબાપો ચંગીઝખાન જેવાં હોય છે. ક્યારેક એમની નિષ્ફળતાના સોળ વિદ્યાર્થીના શરીર પર ઊઠે એમ બનતું હોય છે. 'નબળો માટી બૈરી પર શૂરો' હોય એવું જ કદાચ નબળા શિક્ષકોનું અને નબળાં માબાપોનું બાળકો અંગે હશે! વર્ગમાં શાંત રાખવા માટે ટેબલ સાથે ડસ્ટર અફાળનાર શિક્ષકે એક વાત તો કબૂલ કરવી જ રહી કે એના કરતાં ડસ્ટરની પર્સનાલિટી ચઢિયાતી સાબિત થઈ!

ગુણવંત શાહ

### સાર સમાચાર...

## ગુજરાત વિધાનસભાનું આજથી બે દિવસીય સત્ર

અમદાવાદ

આવતીકાલથી ગુજરાત વિધાનસભાનું બે દિવસીય સત્ર શરૂ થઈ રહ્યું છે અને આવતીકાલે જ ગુજરાતની રાજયસભાની ત્રણ બેઠકોની મહત્વની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આવતીકાલે કોંગ્રેસના તમામ ધારાસભ્યોને વહેલી સવારે આણંદના નિજાનંદ રિસોર્ટથી લોખંડી સુરક્ષા વચ્ચે સીધા જ રાજયસભાની ચૂંટણીના મતદાન સ્થળે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે લાવવામાં આવશે. જયાં મતદાન કર્યા બાદ કોંગ્રેસના ધારાસભ્યો મહાત્મા મંદિર ખાતે વિધાનસભા સત્રમાં હાજરી આપશે. આવતીકાલથી શરૂ થઈ રહેલા વિધાનસભાના બે દિવસીય સત્રમાં જમીન ભોગવટા, નાની સહકારી મંડળીઓની ચૂંટણીમાંથી મુક્તિ સહિતના બીલો પસાર કરાય તેવી શકયતા છે. તા.૮ અને ૯ ઓગસ્ટ એમ દિવસ ચાલનારાર વિધાન સભા સત્રમાં વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોની ભાજપની તોડફોડની રાજનીતિને લઈ ભારે હોબાળો મચાવે અને અન્ય માંગણીઓ ઉચ્ચારે તેવી પણ શકયતા સેવાઈ રહી છે. તો ભાજપે પણ કોંગ્રેસ કોઈ હલ્લો મચાવે તો તેને પહોંચી વળવાની પહેલેથી જ તૈયારીઓ કરી રખાઈ છે.

## રાજયસભાની ત્રણેય બેઠકો ભાજપ જ જીતશે : રૂપાણી

**ગુજરાતમાં પુરથી લોકો મરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસી સભ્યો મોજ કરી રહ્યા હતા**

અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભાજપ ગુજરાતમાં રાજયસભાની ત્રણે ત્રણ બેઠકો જીતી જશે. રૂપાણીએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સચિવ એહમદ પટેલની પણ ચોક્કસપણે હાર થશે.

કર્ણાટક અને ગુજરાતમાં રિસોર્ટમાં તેમના ધારાસભ્યોને રાખવાની કોંગ્રેસની યોજનાની ઝાટકણી કાઢતા રૂપાણીએ કહ્યું હતું કે, જયારે રાજયના લોકો પુર અને ભારે વરસાદના કારણે મરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો મોજમજા કરી રહ્યા હતા. પાર્ટીના ધારાસભ્યો કોંગ્રેસના નિયંત્રણ હેઠળ નથી. કારણ કે, હાઈકમાન્ડને તેમનામાં વિશ્વાસ નથી. ભાજપના પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની, કોંગ્રેસ પાર્ટીના પૂર્વ દંડક બળવંતસિંહ રાજપૂત ભાજપની ટિકિટ ઉપર ચૂંટણી લડી રહ્યા છે જયારે કોંગ્રેસે અહેમદ પટેલને મેદાનમાં ઉતાર્યા છે.

રાજયમાં રાજયસભાની ત્રણ બેઠક માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. ૪૪ ધારાસભ્યો જે પાર્ટી હાઈકમાન્ડના આદેશ ઉપર બેંગ્લોરમાં ઈગલટન હોટલ ખાતે રોકાયા હતા તે તમામ ધારાસભ્યો આજે વહેલી પરોઢે રાજયમાં પરત પહોંચ્યા હતા. એવું જાણવા મળ્યું છે કે, અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ કોંગ્રેસી ધારાસભ્યોને આણંદમાં નિજાનંદ રિસોર્ટમાં લઈ જવાયા હતા.

## બનાસકાંઠામાં સહાય ચૂકવવામાં વ્યાપક ગેરરીતીઓની બુમરાડ

**સાચા અસરગ્રસ્તો સહાયથી વંચિત**

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં પુરગ્રસ્તોને થાળે પાડવા કેન્દ્ર અને રાજય સરકારે ૨૦૦૦ કરોડ ફાળવ્યા છે પરંતુ સહાય ચૂકવવામાં વ્યાપક ગેરરીતીઓ આચરવામાં આવી રહી છે જેના કારણે સાચા અસરગ્રસ્તો સહાયથી વંચિત રહી ગયા છે. જેની ગામે ગામ રાડ - ફરીયાદો ઉઠવા પામી છે.




સરહદી જિલ્લામાં પુરના કારણે વ્યાપક તબાહી અને તારાજી સર્જાઈ છે. તેથી પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પુરગ્રસ્તોના પુનઃ વસન માટે ૫૦૦ કરોડ ફાળવ્યા હતા એ પછી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જિલ્લામાં પાંચ દિવસ ધામા નાખી ૧૫૦૦ કરોડ ફાળવ્યા છે. જેથી ૨૦૦૦ કરોડ રૂપિયા જિલ્લાના ૧૦ અને પાટણ જિલ્લાના ૪ તાલુકામાં પુનઃ વસન માટે ફાળવાયા છે. નુકશાનના સર્વે માટે તલાટી, સરપંચ અને એક શિક્ષકને જવાબદારી સોંપાઈ છે. પરંતુ સહાય ચૂકવવામાં ભય વગરનો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે તાલુકા પંચાયતના અમલિકરણ અધિકારીઓ ટકાવારી લીધા બાદ સહાય ચૂકવતા હોવાનું લોકમુખે ચર્ચાસ્પદ બન્યુ છે જેમાં ખાસ કરીને પુરમાં તણાયેલ ઘરવખરી પેટે ચૂકવાતા ૭૦૦૦ ને બદલે માત્ર ૫૦૦૦ રૂા. ચૂકવાય છે જયારે કેશ ડોલ પણ ૬૦૦ ને બદલે માત્ર ૪૦૦ રૂપિયા ચૂકવી બાકીના બારોબાર ખિસ્સા ભેગા કરી દેવાય છે. એટલું જ નહીં,

જે ગામોમાં પુરના પાણીથી લેશ માત્ર નુકશાન થયું નથી. તેવા ૮૦ ટકા ગામોના તમામ લોકોને તાલુકા પંચાયત બેઠા સર્વે કરી રેશનકાર્ડ દીઠ આડેધડ સહાય ચૂકવાય છે. જેમાં પણ રાજકારણ ખેલાય છે. સરપંચ અને રાજકીય આગેવાનો ચૂંટણીને ધ્યાનમાં રાખી મળતીયાઓને સહાય ચૂકવે છે. જેના કારણે કેટલાય સાચા અસરગ્રસ્તો સુધી સહાય પહોંચી જ નથી. જેથી સરકારી નાણાંનો સરેઆમ દુરપયોગ થઈ રહ્યો છે. જેને ગંભીરતાથી લઈ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી નિષ્પક્ષ અને તટસ્થ તપાસ હાથ ધરાવી કસુરવારોને દાખલારૂપ સજા ફટકારે તેઓ જનમત પ્રવર્તે છે.

**પારદર્શીતા જરૂરી**

જિલ્લાના ડીસા, ધાનેરા, કાંકરેજ, અમીરગઢ, થરાદ અને દિયોદરમાં સહાય ચૂકવવામાં મોટા પાયે ગેર-રીતીઓ આચરવામાં આવતી હોવાની બુમરાડો ઉઠવા પામી છે. જેના કારણે જાગૃત પુરગ્રસ્તો હોબાળા મચાવી અધિકારીઓને - ખુલ્લા પાડે છે. ત્યારે જિલ્લા કલેક્ટર અને ડી.ડી.ઓ સહાય ચૂકવણીમાં બાજ નજર રાખે તે જરૂરી છે.

**૨૦૧૫ નું પુનરાવર્તન**

૨૦૧૫ ના પુરવખતે પણ સરકારે કરોડો રૂપિયાનું વિશેષ રાહત પેકેજ ફાળવ્યું હતુ પરંતુ અમલિકરણ અધિકારીઓના પાપે સાચા પુરગ્રસ્તો બે વર્ષ બાદ પણ સહાય માટે ટળવળે છે. તેથી આ વખતે પણ સરકારે કરોડો રૂપિયા ફાળવતા ભ્રષ્ટ તત્વો મેદાનમાં આવી ગયા છે. જેમને નાથવા જરૂરી છે.

**શંકરસિંહના કોંગ્રેસ પર પ્રહારો**

## બેંગ્લોર ભાગી ગયેલા કોંગ્રેસી સભ્યોને પ્રજા માફ નહી જ કરે

**રાહુલ ઉપર આવો હુમલો થવો જોઇતો ન હતો પરંતુ કોંગ્રેસી સભ્યો પરનો રોષ હતો : વાઘેલા**

અમદાવાદ

કોંગ્રેસમાંથી છેડો ફાડનાર સિનિયર નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ફરી એકવાર કોંગ્રેસ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્યોએ પૂર પીડિતોને છોડીને બેંગ્લુરૂ રિસોર્ટમાં ભાગી જવુ જોઈતુ ન હતું, કોંગ્રેસના ધારાસભ્યોએ પૂરપીડિતોના દુઃખના સમયમાં સાથે રહેવાની જરૂર હતી. કોંગ્રેસના જે ધારાસભ્યો પૂરપીડિતોને છોડીને જતા રહ્યા છે, તેઓને આ ચૂંટણીમાં ગુજરાતની પ્રજા માફ નહી કરે. બાપુએ ઉમેર્યું હતું કે, રાહુલ ગાંધી પર આ પ્રકારનો હુમલો થવો જોઈતો ન હતો પરંતુ આ હુમલો ખરેખર કોંગ્રેસના ધારાસભ્યો પરનો રોષ હતો એ કોંગ્રેસ પાર્ટીએ સમજી લેવાની જરૂર છે. શંકરસિંહ વાઘેલાએ રાજયસભાની ચૂંટણીના મુદ્દે તેમણે જણાવ્યું કે, રાજ યસભાની ચૂંટણીમાં મતદાન દરમ્યાન ગુપ્તતા અને પવિત્રતા જાળવવી જરૂરી છે પરંતુ તેનો હાલના સંજોગોમાં ભંગ થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.

## ભાજપ કંઇપણ કરે કોંગ્રેસની જીત નિશ્ચિત : એહમદ પટેલ

અમદાવાદ

કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલે આજે પોતાની જીતનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ભાજપ કંઈપણ કરે પણ ભાજપની જીત નિશ્ચિત છે. બાપુના મુદ્દે તેમણે જણાવ્યું કે, શંકરસિંહ વાઘેલા મને જ મત આપશે , બાપુએ પહેલેથી કહેલું છે મને મત આપવાનું અને મને પૂરો વિશ્વાસ છે કે, બાપુ તેમના વચન પર કાયમ રહેશે. કોંગ્રેસના અનુસંધાન પાના નં.૬

**કમલમ્ ખાતે ભાજપની બેઠક યોજાઇ**

## ભાજપનો ધારાસભ્યોને વ્હીપ, અન્ય બાબતોને ફાઇનલ ઓપ

**અમિત શાહ, સ્મૃતિ ઇરાની અને બળવંતસિંહ રાજપૂતને મત આપવા આદેશ : મતદાનની પધ્ધતિની સમજ અપાઇ**

અમદાવાદ

રાજયસભાની પ્રતિષ્ઠિત ચૂંટણીને લઈ ભાજપે તેની આગવી વ્યૂહરચના ઘડી નાંખી છે, જેના ભાગરૂપે આજે બપોરે ગાંધીનગર કમલમ્ ખાતે ભાજપના તમામ ધારાસભ્યોની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કાયદામંત્રી પ્રદીપસિંહ જાડેજા, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી સહિતના નેતાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ભાજપના તમામ ધારાસભ્યોને પક્ષ તરફથી વ્હીપ, મતદાનના માર્ગદર્શન સહિતનો ફાઈનલ ટચ આપવામાં આવ્યો હતો. બેઠકમાં ભાજપના રાજયસભાના ઉમેદવારો અમિત શાહ, સ્મૃતિ ઈરાની અને બળવંતસિંહ રાજપૂતને મત આપવા તાકીદ કરાઈ હતી. બેઠકમાં ધારાસભ્યોને રાજયસભાની ચૂંટણીને લઈ મતદાનની પધ્ધતિ અને અંકગણિતની અટપટી વ્યવસ્થાની સમજ પણ પૂરી પાડવામાં આવી હતી. મતદાનને ગંભીરતાથી લેવા અને તેમાં સહેજપણ ચૂક ના થાય તેની તકેદારી રાખવા પણ તમામ ધારાસભ્યોને ખાસ તાકીદ કરાઈ હતી. બેઠકમાં ભાજપના તમામ ધારાસભ્યો ભાજપનો ભગવો ખેસ પહેરીને બેઠા હતા તો, નેતાઓ અને અન્ય અગ્રણીઓ પણ ભાજપનો ખેસ લગાવેલા નજરે પડતા હતા. ભાજપના ચાણકય મનાતા અમિત શાહે ધારાસભ્યોને સંબોધન કરી રાજયસભાની ચૂંટણી અને તેના અનુસંધાન પાના નં.૬

સૂર્યોદય - ૬.૧૩ સૂર્યાસ્ત - ૭.૧૭

## તિથિદર્શન

શ્રાવણ વદ-૦૧ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :એકમ મંગળવાર નક્ષત્ર : શ્રવણ રાત્રે ૩.૩૩ પછી ઘનિષ્ઠા યોગ: આયુષ્યમાં કરણ: વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**નરાઃ સંસ્કારાહાં જગતિ ક્લિ કેચિત્યુકૃતિનઃ**
**અમાનાયાં જાત્યામપિ વયસિ સત્યાં પરધિયઃ**
**અયં દૈક્ષ્ટાંતો અત્ર સ્કૂટ કરગતો અત્યભ્યઃ સનતઃ**
**શુકઃ શ્લોકન્વક્તું પ્રભવતિ ન કાકઃ કચિદપિ**

'સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો આ શ્લોક જન્મજાત સંસ્કારનું મહત્વ સમજાવે છે.':-

સમાન જાતિ અને સમાન વય હોવા છતાં (સમાન શિક્ષણની તકો અને વાતાવરણ હોવા છતાં) આ જગતમાં કેટલાંક ઉત્તમ બુદ્ધિવાળા પુણ્યશાળી જનો જ સંસ્કાર અથવા શિક્ષણને માટે યોગ્ય હોય છે, (અર્થાત્ શિક્ષણને દીપાવી શકે છે.) આમાં આપણા હાથમાં દીવો હોય તેમ દીવા જેવું સ્પષ્ટ દૃષ્ટાંત એ છે કે ખૂબ અભ્યાસ- તાલીમ આપવા છતાં જેવી રીતે પોપટ રામના શ્લોક બોલી શકે છે પણ કાગડો કદી પણ એ માટે સમર્થ થઈ શકતો નથી... અહીં પોપટનો જન્મ સંસ્કાર, વય, વાતાવરણ સરખા હોવા છતાં કાગડા પર એની કંઈ જ અસર થતી નથી.

પારિવારિક- જાતિ- કુળ અને પૂર્વજન્મના જો સંસ્કાર ન હોય તો વિદ્યા- અભ્યાસ- જ્ઞાન ચડતું નથી.. સરકાર ગમે તેટલી પ્રોત્સાહક યોજનાઓ કરે, સાધનો આપે, સુવિધાઓ આપે, શિષ્યવૃત્તિઓ આપે, પણ પાત્રમાં પાત્રતા ન હોય તો સમાનતાનું વાતાવરણ દેખાતું હોવા છતાં પણ એકનું શિક્ષણ દીપી ઉઠે બીજા અબૂધ જ રહે અહીં પોપટ અને કાગડાના દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ગેરસમજના ભોગ બનો. પત્નિના સ્નેહથી વિશેષ હર્ષ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) મિલન-મુલાકાત સફળ રહે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.**
**કર્ક : (ડ.હ.) દિવસ આનંદભર્યો પસાર થાય. મહત્વના નિર્ણયો લઇ શકશો.**
**સિંહ : (મ.ટ.) કાનુની બાબતે લાભ મળે. આવકમાં નોંધપાત્ર વધારો થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ચિંતા રહ્યા કરે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.**
**તુલા : (ર.ત.) કાર્યમાં વિલંબ રહે. વ્યર્થ વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.**
**વૃશ્ચિક :(ન.ય. ) આર્થિક તેમજ કૌટુંબિક સ્થિતિ અત્યંત સારી રહે.**
**ધન : (ભ.ફ.ધ.) અણધાર્યા ખર્ચના ભોગ બનવું પડે. કાનુની બાબતે નિષ્ફળતા મળે.**
**મકર : (ખ.જ.) નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા**
**કુંભ : (ગ.શ.સ.) માનસિક અશાંતિ રહે. ભાગીદારી અને દાંપત્યજીવનમાં સંઘર્ષ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) સ્નેહિઓથી અસંતોષ મળે. આર્થિક વ્યવહારોની બાબતે સાવધાન રહેવું.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિશ્રી 'પતીલ'ની જન્મજયંતિ છે. એમનું મૂળ નામ શ્રી મગનભાઈ ભુધરભાઈ પટેલ.

પોતાની કાવ્યકૃતિઓમાં પ્રો.બ.ક.ઠાકોરની પ્રયોગશીલતાને સફળતાપૂર્વક અપનાવનાર આત્મલક્ષી ઢબે બહુધા મસ્તી અને વેદનાના ગીતો ગાનાર કવિશ્રી 'પતીલ'નોજન્મ ૮-૮-૧૯૦૬ ના રોજ અંકલેશ્વરમાં પટેલ કુટુંબમાં થયો હતો. કવિશ્રી 'પતીલ' ની પ્રણયકવિતામાં પ્રેમનસ મસ્તી છે તો બીજી તરફ દર્દદિલી અને ફનાગીરી છે. નર્મદા વિશેનું એમનું કાવ્ય કવિની સર્વ શકિતનો ઉત્તમ નમુનો છે. હાસ્ય રસના કવિ તરીકે પણ શ્રી 'પતીલ' નું પ્રદાન નોધપાત્ર છે. વાસ્તવ કલેશ પરિહાર એ તેમનું લાંબુ હાસ્યરસ પ્રધાન આખ્યાન છે. આ આપણા વિરલ કવિશ્રી 'પતીલ' વધુ જીવ્યા નહીં તેમનું ૧૯૭૦ માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૧૦૦૩૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

**તા ૦૭.૦૮.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ ( ૧૦૦૮૫ ) :- આગામી સંભવિતનિફ્ટી ફ્યુચર ૧૦૧૩૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૧૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૦૩૩ પોઈન્ટ થી ૧૦૦૧૬ પોઈન્ટ, ૧૦૦૦૧ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૧૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

**૧) TCS લિમિટેડ ( ૨૫૧૮ ) :- તાતા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૪૯૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૪૮૬ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૫૪૪ થી રૂ.૨૫૫૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૫૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) સેન્ચુરી ટેક્ષટાઇલ ( ૧૨૩૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૫૧ થી રૂ.૧૨૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવનાછે...!!**

**૩) લાર્સેન ( ૧૧૭૨ ) :- રૂ.૧૧૬૦ પ્રથમ તેમજ રૂ.૧૧૪૭ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રકશન સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૮૮ થી રૂ.૧૧૯૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ડિવિસ લેબ ( ૬૮૩ ) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૬૯૭ થી રૂ.૭૦૯ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૭૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ ઇન્ફ્રા. ( ૫૪૭ ) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ઇલેટ્રિક્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૬૩ થી રૂ.૫૭૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ૫

૧) યસ બેન્ક ( ૧૮૦૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૩૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૯૦ થી રૂ.૧૭૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૪૮ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

૨) HDFC બેન્ક ( ૧૭૮૮ ) :- રૂ.૧૭૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૦૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૭૬૭ થી રૂ.૧૭૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૧૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

૩) મહિન્દ્રા – મહિન્દ્રા ( ૧૪૦૯ ) :- ઓટો સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૪૩૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૩૯૦ થી રૂ.૧૩૮૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

૪) ઈન્ફોસિસ ( ૯૭૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૯૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૬૦ થી રૂ.૯૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૦૦૯ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

૫) HCL ટેક્નોલૉજી ( ૮૮૮ ) :- રૂ.૮૯૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૦૯ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૮૭૩ થી રૂ.૮૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૧૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## રક્ષાબંધન એટલે નારી તરફ જોવાની દૃષ્ટિ બદલવાનો તહેવાર : રાજરક્ષિતવિજયજી મ.

ડીસા

શ્રાવણ મહિનો એટલે પર્વ અને તહેવારોની હારમાળા સર્જતો મહિનો તેમાં કેટલાક લોકો ... હોય છે તો કેટલાક લૌકિક પર્વ હોય છે. શ્રાવણ સુદ-૧૫ એટલે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર, ભાઈ- બહેનની પ્રીતનું પવિત્ર લૌકિક પર્વ એટલે રક્ષાબંધન. જ્યારે વિશ્વ સ્વાર્થના સમદ્રમાં ગળાડૂબ છે ત્યારે નિ:સ્વાર્થ અને પવિત્રતાથી ભરપુર ભાઈ- બહેનનો સંબંધ ખારાજળમાં મીઠી વીરડી સમાન છે. શ્રીવાસુપૂજ્ય જિનાલય મહાવીરનગર જૈન સંઘમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ કહ્યું કે, હિન્દુસ્તાનમાં પૈસા કરતાં પવિત્રતાની મૂડી વધુ મહત્વની હતી. સ્વામી વિવેકાનંદ, ભગતસિંહ, શિવાજી, ચન્દ્રશેખર આઝાદ વગેરે સંસ્કૃતિ- દેશ ભક્તોમાં આંખની પવિત્રતા વિશિષ્ટ હતી. માટે જ તેઓ દેશ- સંસ્કૃતિ માટે સારા કાર્યો કરી શક્યા. જેની આંખ પર સ્ત્રી લંપટ હોય, વાસનાગ્રસ્ત હોય તે ક્યારે પણ સફળ થઈ શકે નહિ. રક્ષાબંધનના લૌકિક પર્વમાંથી મસ્ત સંદેશો પ્રાપ્ત થાય છે કે સ્ત્રી તરફ જોવાની દૃષ્ટિમાં બદલાવ લાવવો. જેણે લગ્ન કર્યા છે. તે સિવાયની તમામ સ્ત્રીમાં જો પોતાનાથી મોટી ઉંમરની હોય તો માતાના દર્શન કરવા, સરખી ઉંમરની હોય તો બહેનના દર્શન કરવા અને ઉંમરમાં નાની હોય તો દીકરીના દર્શન કરવા. આ રીતે જો દૃષ્ટિદોષ નીકળી જાય તો રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો સાર્થક ગણાશે. પશ્ચિમી સંસ્કૃતિના રવાડે ચઢેલા, પવિત્ર તહેવારોની ઉપેક્ષા કરી ફ્રેન્ડશીપ- ડે માં ઝુકાવનારાઓએ પવિત્ર સંબંધ અને પવિત્ર નામોને પણ કલંકિત કર્યા છે.

પંન્યાસ ભવ્યકીર્તિવિજયજીએ મન્નહજિણાંણે ગ્રંથ ઉપર પ્રવચન આપતા જણાવ્યું કે સાચો ધર્મી દુ:ખમાં દિન ન બને, પાપોમાં પીત ન બને, ધર્મમાં ક્ષીણ ન બને, સુખમાં લીન ન બને. સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરનાર આત્માની ભૂમિકા પાપ કરતાં ધ્રુજારાવાળી હોય છે. શ્રી મહાવીર સોસાયટીમાં સવારે ૮/૩૦ કલાકે દૈનિક પ્રવચનોમાં સેકંડો ભાવુક પધારી સત્સંગની મજા માણી રહ્યા છે.

## સાયન્સ કોમર્સ કોલેજ, પાલનપુરમાં અનુસ્નાતક કક્ષાએ નવા વિષયો શરૂ

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ દ્વારા સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કૉલેજ ઓફ કોમર્સ પાલનપુરમાં અનુસ્નાતક (પી.જી.) માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર આ બે નવા વિષયો શરૂ કરવાની પરવાનગી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવી છે. આ બન્ને અભ્યાસક્રમોમાં ૨૦- ૨૦ સીટ મંજૂર કરવામાં આવી છે. સાયન્સ કોમર્સ કોલેજમાં ફક્ત રસાયણશાસ્ત્ર વિષયમાં ૧૯૯૬ થી એમ.એસસી ચાલે છે અને ૨૦૦૨ થી કોમર્સમાં કોસ્ટ એકાઉન્ટીંગ એમ.કોમ. માં ચાલે છે. જેથી લાંબા સમયગાળા બાદ બે નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવતા સમગ્ર બનાસકાંઠાના વિદ્યાર્થી આલમમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં મંડળના પ્રમુખ શિરીષકુમાર મોદી અને આસી.ડાયરેક્ટર અપૂર્વ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. શિરીષકુમાર મોદીએ જણાવ્યું હતું કે બનાસકાંઠાના વિદ્યાર્થીઓને તમામ વિષયોમાં અનુસ્નાતક કક્ષાએ ઘરેબેઠે આજ કોલેજમાં અભ્યાસની તક મળે તે માટે મંડળ કટિબધ્ધ છે. તેમજ પી.જી.ના વિદ્યાર્થીઓને લાઈબ્રેરીનો વધુમાં વધુ ઉપયોગ કરવા અંગે જણાવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.યોગેશ બી.ડબગરે જણાવ્યું હતું કે આ બે વિષયોમાં પી.જી. શરૂ કરાતા ભવિષ્યમાં વિદ્યાર્થીઓને રીસર્ચ કરવાનો પાયો નખાયો છે, તેમજ કોલેજની નિષ્ણાત ફેકલ્ટી દ્વારા ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. સ્વાગત પરિચય પી.જી.ઈન્ચાર્જ પ્રા.એસ.ખિલારેએ કર્યું હતું. પી.જી. ઈન્ચાર્જ ડૉ.જે.એન. પટેલ અને ડૉ.જી.ડી.આચાર્ય પી.જી. માટેની કોલેજની ભૌતિક સગવડો અને વિદ્યાર્થી માટેની તકો અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા અને આ કોલેજમાં પી.જી. શરૂ કરવાથી બનાસકાંઠા બહાર જવું નહીં પડે તે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.એસ.એચ. પ્રજાપતિએ કર્યું હતું.

## ડીસાના વિધાર્થીઓએ પુરપીડિતો માટે અનોખી રીતે સહાય એકઠી કરી



ડીસા

બનાસકાંઠામાં અતિવૃષ્ટિ બાદ સમગ્ર ગુજરાતમાંથી સહાય આવી રહી છે ત્યારે ડીસાની મોન્ટેસરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ બહેનોએ પણ પુર પીડિતોને સહાય માટે આજે રક્ષાબંધનના તહેવારે જલારામ મંદિર પાસે પસાર થતા ભાઈઓને રાખડી બાંધી અને જે આપે તે પુરફંડમાં નાણાં એકઠા કરવાનો નિર્ણય લીધેલ અને શાળાની બહેનો આજે આ ફંડ માટે રોડ પર ઉભી રહી પુરફંડ એકત્રિત કરેલ. જોકે રોડ પર રાખડી લઈને ઉભેલી આ શાળાની વિદ્યાર્થીનીઓને જોઈને લોકો પણ ચકિત થઈ ગયા હતા. જોકે આ બાબતે અનોખી આચાર્ય નામની વિદ્યાર્થીનીએ જણાવ્યું હતું કે પુરમાં અનેક લોકો મૃત્યુ પામ્યા છે જેમાં કોઈએ ભાઈ ગુમાવ્યો તો કોઈક એ બહેન ગુમાવી છે ત્યારે આવા પરિવારને સહાનુભૂતિ આપવાના હેતુથી અમારી મોન્ટેશરી શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા સહાય કરવાના હેતુથી આજે જલારામ મંદિર પાસે અમેં પસાર થતા લોકોને રાખડી બાંધી અને જે આપે તે પુર પીડિતોને આપવાનો નિર્ણય કર્યો છે.

જો કે આ બાબતે શાળાના સંચાલક ડો.સુનિલભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે બનાસકાંઠામાં અતિવૃષ્ટિ બાદ જે લોકોના પરિવારમાં કોઈએ ભાઈ, બહેન કે માતા - પિતા ગુમાવ્યા છે તેવા લોકોને સહાયરૂપ બનવાના હેતુથી આજે શાળાના વિદ્યાર્થી ભાઈ - બહેનો પુર પીડિતો માટે સહાય ભેગી કરી રહ્યા છે

જોકે માનવતાના દાખલા માત્ર આપવામાં છે પરંતુ ખરા અર્થમાં જ્યારે આવા કાર્ય કરી રક્ષાબંધનના પવિત્ર તહેવારમાં જ્યારે શાળાની વિદ્યાર્થીની બહેનો રોડ પર પસાર થતા લોકોને રાખડી બાંધી ફંડ એકત્રિત કરી સહાયરૂપ બનવા માંગે છે ત્યારે આનાથી ઉત્તમ માનવતાનું ઉદાહરણ શુ હોઈ શકે.

## પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની ઉજવણી



સંજય જોષી

ભાઈ-બહેનના સ્નેહના પ્રતિક સમા રક્ષાબંધન પર્વની દેશભરમાં ભારે ઉમંગભેર ઉજવણી થઇ હતી. ત્યારે પાલનપુર ખાતે પણ પૂર્વ પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. જેમાં દુર્ગાવાહીનીની બહેનો દ્વારા પોલીસકર્મીઓને હાથે રાખડી બાંધવામાં આવી હતી.

## રાજપુર પ્રા.શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી



જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસાની રાજપુર પ્રા.શાળામાં બાલિકાઓ દ્વારા સ્કૂલના વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. જે પ્રસંગે શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડીયા તથા શાળા પરિવાર હાજર રહ્યો હતો.

## શિહોરી પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો



સજ્જનસિંહ સોલંકી

શિહોરી પોલીસ સ્ટેશનમાં ઓમ શાંતિની બહેનો દ્વારા શીહોરી પોલીસ સ્ટાફને રાખડી બાધી ને આ પવીત્ર પર્વ ની ઉજવણી કરી હતી. ત્યારે ઓમશાંતિની બહેનોએ શિહોરી પી.એસ.આઈ .બી.એમ.કરમટા અને પોલીસ સ્ટાફને આજના ભાઇ બહેનના પવીત્ર તહેવાર પર હાથે રાખડી બાંધી મનાવ્યો હતો .

## સ્પોર્ટસ કોલેજ ભીલડીમાં રક્ષાબંધનની ઉજવણી

પ્રતિનિધિ ભીલડી

બી.એમ.મહેશ્વરી એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત આર્ટસ કૉલેજમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી કેન્દ્રમાંથી વસંતાદીદી ખાસ હાજર રહી ભાઈ- બહેનના તહેવાર રક્ષાબંધન વિશે વ્યાખ્યાન આપેલ અને યુવાનોને વ્યસનોથી દુર રહેવા અપીલ કરી હતી. કૉલેજના ઉત્સાહી પ્રિન્સીપાલ ડૉ.સુનિતાબેન ખત્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં હિતેશભાઈ રાવલે રક્ષાબંધન પર્વની મહત્તા દર્શાવી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની દેસાઈ મિત્તલબેને કરી હતી. આભારવિધિ પ્રો. રેખાબેન ગૌસ્વામીએ કરી હતી.

## ડીસા સહિત જિલ્લામાં ભારે વરસાદ અને પુર વચ્ચે નુકશાનગ્રસ્ત ખરીફ પાકની માવજત

**મગફળી અને અડદ સિવાયના તમામ પાકો નષ્ટ થતા ખેડૂતો બેહાલ**



(નરસિંહ દેસાઈ)

(પ્રતિ.) વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં અને ઉપરવાસમાં થયેલા વરસાદ બાદ પુરની સ્થિતિ આવતા જિલ્લાના અનેક તાલુકાના ગામડાઓમાં ખેતીના પાકને વ્યાપક નુકશાન થયુ છે. ખેતીની જમીન સહિત ઉભો પાક ધોવાઈ ગયો છે. તેમ છતાં બનાસકાંઠા જિલ્લાના પુરથી ઓછા પ્રભાવિત ગામોમાં ઉઘાડ નિકળતા ધરતી પુત્રો નુકશાનગ્રસ્ત ખરીફ પાકની માવજતમાં લાગી ગયા છે. આમ તો મગફળી અને અડદ સિવાયનો તમામ ખરીફ પાક ખેતરોમાં પાણી ભરાઈ જતા નષ્ટ થઈ જવા પામ્યો છે. ત્યારે ખેતરોમાં ઉભેલો મગફળી અને અડદના પાકમાંથી નિંદામણ દુર કરવા માટે ખેડૂત વર્ગ કામે લાગી ગયો છે.

જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ખેતીના પાકને સૌથી વધુ નુકશાન થવા પામ્યું છે. અનેક ગામડાઓની ફળદ્રુપ જમીન રેતાળ બનાવી દીધી છે. જેમાં ડીસા - લાખણી - ધાનેરા - થરાદ - વાવ - સુઈગામ - ભાભર - દિયોદર અને કાંકરેજ તાલુકાના ગામડાઓમાં સૌથી વધુ નુકશાન થયું છે તેમ છતાં કેટલાક વિસ્તારોમાં વધ્યા - ઘટયા ખરીફ પાકનું ઉત્પાદન સારૂ થાય તે માટે ધરતીપુત્રો કામે જોતરાઈ ગયા છે.

## જી.જી.માળી માધ્યમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી

ડીસા

ગત તા. ૫/૮/૧૭ ના રોજ મહાત્મા જ્યોતિરાવ ફુલે એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શેઠ શ્રી ડી.એલ.ગેલોત પ્રા.શાળા તથા શ્રી જી.જી.માળી માધ્યમિક શાળામાં રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી અને રક્ષાબંધનનું મહત્વ સમજાવવામાં આવ્યું. એમાં સંસ્થાના પ્રમુખ બાબુલાલ ગીગાજી માળી શાળા આચાર્ય હિતેશભાઈ પ્રકાશભાઈ પઢિયાર તથા મહેશભાઈ ટાંક, મફતલાલ પી.ટાંક અને સમગ્ર સ્ટાફગણે શાળાના આ કાર્યક્રમને પ્રેરણાદાઈ બનાવ્યો હતો.

## મહાન શિવભક્ત જૈગીષવ્યની કથા



શ્રાવણ સત્સંગ
-કનકચંદ્ર સી. વ્યાસ

કાશી નગરીમાં જૈગીષવ્ય નામના એ મહર્ષિ રહેતા હતા. તેમના જીવનનો એક નિયમ હતો. નિયમિત વિશ્વનાથજીના દર્શન કર્યા પછી જ તે ભોજન કરતા. તેમનો આ કડક નિયમ હતો. એકવાર વિશ્વનાથજી ભગવાન શંકર માતા પાર્વતીજી એટલે કે ગિરિજાદેવી સાથે કાશીથી મંદરાચલની યાત્રાએ નીકળ્યા. જૈગીષવ્યજી જયારે વિશ્વનાથજીના દર્શન કરવા ગયા. ત્યાં પ્રભુના દર્શન ન થયા. જાણવા મળ્યું કે પ્રભુ તો મંદરાચલ ગયા છે. આ સાંભળી જૈગીષવ્યએ પ્રતિજ્ઞા લીધી કે,"જ્યાં સુધી શિવજી ફરી કાશીમાં ન પધારે અને તેમના દર્શન ન કરું ત્યાં સુધી હું અન્ન કે જળ લઇશ નહીં." આમ, તેમણે શિવજીના દર્શન ન થાય ત્યાં સુધી નિરાહાર રહેવાનું નક્કી કર્યું. આમને આમ સમય વિતતો ચાલ્યો. આ વાત ભગવાન શંકર પણ જાણતા હતા. જ્યારે કાશી વિશ્વનાથ શંભુ ફરી પાછા કાશીમાં આવ્યા. પોતાના પ્રિય એવા નંદીશ્વરને આજ્ઞા આપી કહ્યું, "હું તમને આ નીલકમલ આપું છું. તે લઇ તમે અહીં એક ગુફા છે ત્યાં જાવ. ત્યાં મારો પરમ ભક્ત જૈગીષવ્ય રહે છે. તેણે કઠોર તપ શરૂ કર્યું છે. પોતાના વ્રતને વળગી રહેલો મારો આ ભક્ત અન્ન-જળનો ત્યાગ કરી તપ કરતો હોઇ તે કૃશ બની ગયો છે. તેનામાં શક્તિ રહી નથી. તેને આ નીલકમલના ફૂલનો સ્પર્શ કરાવશો એટલે તે ફરી શક્તિશાળી બની જશે. પછી તેને અહીં મારી પાસે લાવજો."

પ્રભુની આજ્ઞા માથે ચડાવી નંદીશ્વર નીલકમલનું ફૂલ લઈ જ્યાં જૈગીષવ્ય ગુફામાં તપ કરી રહ્યા હતા ત્યાં આવ્યા. જેવો તે ફૂલનો સ્પર્શ જૈગીષવ્યને નંદિશ્વરે કરાવ્યો કે, તુરંત જૈગીષવ્ય તો ફરી શક્તિશાળી બની ગયા. પછી તેમને લઇ નંદીશ્વર ભગવાન શંકર પાસે આવ્યા.

ભગવાન શંકર સાથે માતા ભવાની પાર્વતીજીના દર્શન થતાની સાથે જૈગીષવ્ય તો ભગવાનના ચરણોમાં પડી જઇ દંડવત પ્રણામ કરવા લાગ્યા. પછી શિવજીના સ્તુતિ કરવા માંડી, "હે નાથ, તમેતો મંગલમય, આનંદકન્દ, સર્વજ્ઞ, શાન્ત, પરમાનંદ, નિધાન, પરમ ઐશ્વર્યસ્વરૂપ, અનેકરૂપધારી, વિધિસ્વરૂપ, વિરૂપાક્ષ છો.

હું તમને વારંવાર નમસ્કાર કરું છું. હે પરમાત્મા તમારા અડધા શરીરમાં શક્તિ સ્વરૂપા ભગવતી પાર્વતી દેવી નિવાસ કરે છે. જો સાચા હૃદયથી તમને કોઇ એકવાર માત્ર નમસ્કાર કરે તો પણ તેમને મૂક્તિ મળી જાય છે. જે સાચા હૃદયથી તમારું નામસ્મરણ કરે તેને તમારી કૃપાથી ત્રણેય લોકનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

હે મહાદેવ હું તમને સાક્ષાત દંડવત નમસ્કાર કરું છું. તમે ઉત્તમ ચરિત્રવાળા, પરમપવિત્ર છો. સૌને દુઃખ તથા પરીક્ષામાંથી પાર ઉતારનારા, ભક્તોના દુઃખોનો નાશ કરનારા, હું આપને વારંવાર નમસ્કાર કરું છું.

હે ઉમાપતિ, હું આપની સ્તુતિ કેમ કરવી તે નથી જાણતો. હું તમારાથી ભિન્ન બીજા કોઇ ઇશ્વરને નથી જાણતો. મારા માટે કેવળ તમે જ એકમાત્ર શરણ છો. હે પ્રભુ આ સંસારસાગરમાં હું નિમગ્ન થઇ ગયો છું. મારો ઉધ્ધાર કરો."

આ પ્રકારે ભગવાન શિવજીની ખરા અંતઃકરણપૂર્વક સ્તુતિ કરી મહર્ષિ જૈગીષવ્ય તેમની સામે અવિચળ અને મૌન બની હાથ જોડીને ઊભા રહ્યા. તેમની પ્રાર્થના સાંભળી પ્રસન્ન થયેલા શિવજીએ કહ્યું,"હું તમારી નિર્મળ ભક્તિથી અત્યંત પ્રસન્ન થયો છું. માટે તમે વરદાન માંગો. તમે જે શ્રધ્ધા અને ભક્તિથી મારા માટે તપ કર્યું છે તે બદલ હું તમને વરદાન આપવા ઇચ્છું છું."

ભગવાન શંકર પાસે હાથ જોડી ઊભા રહેલા જૈગીષવ્યએ કહ્યું,"હે નાથ, હું કાયમ તમારા ચરણ-કમળોમાં રહું અને મારા દ્વારા સ્થાપિત શિવલિંગમાં આપ કાયમ નિવાસ કરો."

ભગવાન શંકર બોલ્યા,"હે મહાભાગ્યશાળી જૈગીષવ્ય, તમે ખૂબ જ કઠોર તપ કરેલું છે. આવું તપ ભાગ્યે જ કોઇએ કર્યું હશે. સંસારમાં લોકો અનેક પ્રકારના વ્રત મને પ્રસન્ન કરવા માટે કરે છે પરંતુ તમે કરેલ વ્રતની બરોબરી તે કરી શકે તેમ નથી. માંગેલ વરદાન તમને આપું છું. તેની સાથે-સાથે તમને યોગશાસ્ત્ર વિદ્યા આપું છું. તેના વડે તમને મોક્ષની પ્રાપ્તિ થશે. આજથી તમને સૌ યોગાચાર્ય તરીકે જ ઓળખશે. તમારા દ્વારા સ્થપાયેલ આ શિવલિંગ "જૈગીષવ્યેશ્વર" તરીકે જગપ્રસિધ્ધ થશે.તેમના નિયમિત ત્રણ વર્ષ સુધી જે દર્શન કરશે તેને યોગસિધ્ધિ પ્રાપ્ત થશે." આમ કહી ભગવાન અંતરધ્યાન થઇ ગયા. મહાન શિવભક્ત જૈગીષવ્ય જગતમાં યોગાચાર્ય તરીકે પ્રસિધ્ધ થયા અને સંસાર માટે ઉપકારમાં લાગી ગયા.

## ડીસા સંગીત કલાકારોના એસોશીએશનના હોદેદારો નિમાયા

ડીસા

તા.૫/૮/૨૦૧૭ ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે મણીભવન ખાતે ડીસાના સંગીત કલાકારોની એક મિટીંગ મળી હતી. જેમાં સંગીત કલાકાર એસોશીએશનની રચના કરી અગામી સમયમાં ડીસા શહેરમાં સંગીતના પ્રોગ્રામો આપવા, સેવાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા, અને સંગઠનને વધુમાં વધુ મજબુત બનાવવાનું નક્કી કરવામાં આવેલ આ બેઠકમાં સંસ્થાના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. જેમાં પ્રમુખ તરીકે સંગીતકાર દિપકભાઈ જી.પઢીયાર, સંગઠન ઉપપ્રમુખો તરીકે આશુતોષભાઈ આર.દવે,વિસાભાઈ આર.દેસાઈ, મહામંત્રી તરીકે દશરથભાઈ પી.રાજગોર, મંત્રીઓ તરીકે કમલેશભાઈ બી.સોની, ધીરજભાઈ કે.હેગડા, સંગઠન મંત્રી તરીકે અતુલભાઈ એમ.શાહ, ખજાનચી તરીકે હિતેન્દ્રભાઈ કે.જોષી તેમજ કારોબારી સભ્યોમાં સોનસીંગ એમ.રાઠોડ, જીતુભાઈ એમ. ચોહાણ, હિતેષભાઈ ગેલોત, પુનિતભાઈ એમ.પરમાર, મહેશ્વરભાઈ આર. દેસાઈ, વિનોદભાઈ એ. સોલંકી, નિલેષભાઈ બી.દેવીપૂજક, દેવુસીંગ જી. દેલાસણીયા, કિરણભાઈ આર.એદલીયા, સપ્તભાઈ એચ.જોષી , રાકેશભાઈ રાજગોર, પ્રેમસીંગ સાયબા, હિતેષભાઈ આર.પ્રજાપતિ, રોનકભાઈ જે.ઠક્કર, કિર્તીભાઈ એલ. અનાવાડીયા, હાર્દિકભાઈ ઠક્કર, સુરેશભાઈ ગેલોત, ભરતભાઈ ડી.ચૌહાણ, ખુશ્બુબેન દેગડાની વરણી કરવામાં આવેલ.

## નર્મદા શ્રમ-સેવા શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા યુવાનો તા.૧૫ ઓગષ્ટ સુધી અરજી કરી શકશે

પાલનપુર

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત નર્મદા શ્રમ અને સેવા શિબિર-૨૦૧૭- ૧૮ નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે યોજવામાં આવનાર છે. જે યુવક-યુવતીઓ તા.૩૧- ૦૫- ૨૦૧૭ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેવા અને આ શ્રમ કાર્યમાં જોડાવા માંગતા હોય તેમણે નીચે માગ્યા મુજબની માહિતી સાથેની અરજી તા.૧૫-૮- ૨૦૧૭ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારી, રૂમ નં.૨૧૭, બીજો માળ, રાજપીપળા, જિ.નર્મદાને મોકલી આપવા જણાવવામાં આવે છે. અરજીમાં પુરૂ નામ, સરનામું (આધાર કાર્ડ/ ચૂંટણી મતદાતા ઓળખકાર્ડ/ રાજ્ય, કેન્દ્ર સરકાર, શાળા, કોલેજ કે યુનિવર્સિટી ધ્વારા અપાયેલ ફોટા સાથેના ઓળખકાર્ડની પ્રમાણિત નકલ, રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, લાઇટબીલ, ગેસબીલ, ટેલીફોન બીલની પ્રમાણીત નકલ સામેલ કરવી.) જન્મ તારીખ (જન્મ તારીખાના પ્રમાણપત્ર /શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ બિનચૂક સામેલ કરવી) શૈક્ષણિક લાયકાત/ વ્યવસાય, પર્વતારોહણ, એન.સી.સી., એન.એસ.એસ. કે સ્કાઉટ ગાઇડ, હોમગાર્ડ જેવી પ્રવૃત્તિઓની શિબિરમાં તથા રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, વાલીનો સંમતિપત્ર, શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું ડાંકટરનું પ્રમાણપત્ર, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ સહિતની અરજી કરવા જણાવવામાં આવે છે. અધુરી વિગતોવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી, પસંદગી પામેલ શિબિરાર્થીઓને શિબિરની જાણ કરવામાં આવશે તેમજ તેમના આવવા-જવાનો પ્રવાસ ખર્ચ તથા ભોજન/નિવાસની વ્યવસ્થા સરકાર તરફથી કરવામાં આવશે.

# ડીસા સહિત જિલ્લાભરમાં રક્ષાબંધનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

### બહેન દ્વારા ભાઈનાહાથે બાંધી રક્ષા ભુદેવો દ્વારા યજ્ઞોપવિત બદલવામાં આવી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત જિલ્લાભરમાં શ્રાવણ સુદ ૧૫ ને રક્ષાબંધનની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. આજના ૨૧ મી સદીના જેટ યુગમાં પણ ઐતિહાસિક અને ધાર્મિક દંતકથાઓ સાથે જોડાયેલા ભાઈ બહેનના પવિત્ર સંબંધને ઉજાગર કરતો રક્ષાબંધન પર્વ નિમિત્તે બહેનોએ પોતાના ભાઈઓને રક્ષા બાંધી સફળતાની કામના કરી હતી તો ભાઈ દ્વારા પણ બહેનોએ બાંધેલી રાખડીના સન્માન સાથે બહેનોને દરેક પ્રકારના સુખ દુઃખમાં સહભાગી બની સુખશાંતિના આશીર્વાદ સાથે તમામ પ્રકારે રક્ષા કરવાની સાથે અનેક પ્રકારની ભેટસોગાત પણ આપવામાં આવી હતી.

રક્ષાબંધનના દિવસે ભુદેવો પોતાની યજ્ઞોપવિત બદલી નવી યજ્ઞોપવિત ધારણ કરી હતી. જે સંદર્ભે અનેક સ્થાનો પર ભુદેવો દ્વારા સામુહિક યજ્ઞોપવિત બદલવાના કાર્યક્રમ પણ થયા હતા. ડીસાગાયત્રી શક્તિપીઠ પર યજ્ઞોપવિત બદલવાનો સામુહિક કાર્યક્રમ થયો હતો. ગ્રામ્યપ્રદેશોમાં રક્ષાબંધનના દિવસે ગ્રામ દેવતાના મંદીરોમાં સુખડી કે કુલેરનું નૈવેધ પણ ધરાવવામાં આવે છે જેથી આજે દિવસભર ગામડાઓમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો પણ વળી આ વર્ષ રક્ષાબંધનના દિવસે ચંદ્રગ્રહણ થતું હોવાના પગલે અનેક લોકો સમયની સાચવણી કરવાના પગલે શુભ મુહુર્તમાં રક્ષાબંધન પર્વની ધાર્મિક વિધિ વિધાન પણ કરતા જોવા મળ્યા હતા. જોકે ચાલુ વર્ષ બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટી થતાં વ્યાપક નુકશાન થવા પામ્યું છે તેમ છતાં રક્ષાબંધન પર્વની ઉજવણીને લઈને જિલ્લાની પ્રજાજનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

# રૈયાથી સુરાણા જવાના રસ્તા ઉપર પાણી ભરાતાં લોકોને મુશ્કેલી

પ્રતિ. રૈયા

દિયોદર તાલુકાના રૈયા ગામથી સુરાણા જવા માટે કાચો રસ્તો આવેલ છે. આ રસ્તામાં બેથી ત્રણ ફુટ પાણી ભરાતા ખેડૂતો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ રસ્તા પરથી ટ્રેક્ટર સિવાય બીજુ કોઈપણ વાહન જઈ શકતું નથી.અને જાય તો ફસાઈ જાય છે.

રૈયાથી સુરાણા માર્ગે લગભગ ૧૦૦ થી ૧૫૦ ખેડૂતો પોતાના ફાર્મ હાઉસ ઉપર રહે છે. વરસાદના સમયે ગામમાં આવવું હોય દવાખાના કે દૂધ ભરાવા માટે ડેરીમાં જવા કે શાળાએ જવા બાળકોને ભયની લાગણી રહે છે. તો આ અંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી આ વિસ્તારના ધારાસભ્ય અને રાજયમંત્રી કેશાજી ચૌહાણ, જિલ્લા પંચાયત સદસ્ય શિવાભાઈ ભુરીયા જેવા અન્ય રાજકીય નેતાઓ સમક્ષ વારંવાર લેખીત તથા મૌખિક રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ આજદીન સુધી આ રસ્તા બાબતે યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી.

# બનાસકાંઠા શાળા વિકાસ સંકુલ દ્વારા પ્રથમ વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

### ત્રીજીથી શરૂ થઈ ૧૩ મી ઓક્ટોબરે પરીક્ષા પૂર્ણ થશે : ૧૬ મી ઓક્ટોબરથી દિવાળી વેકેશનઃ ૬ નવેમ્બરે બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થશે


યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ થરા

શાળા- કોલેજોમાં આગામી દિવસોમાં 'મીની વેકેશન' જેવો માહોલ રહેશે. જુન-૨૦૧૭ થી નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ થયો ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ- પૂરના કારણે શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું. ત્યાં સાતમ- આઠમના તહેવારોને સપ્ટે-૧૭ થોડું ઘણું શૈક્ષણિક કાર્ય થશે. બનાસકાંઠા જિલ્લા શાળા વિકાસ સંકુલ દ્વારા ધો.૯ થી ૧૨ ની પ્રથમ વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો. જેને જિલ્લા શિક્ષણાધિકારી- બનાસકાંઠાએ મંજુરીની મહોર મારી હોવાનું જાણવા મળે છે. પ્રથમ વાર્ષિક પરીક્ષા તાઃ૩/૧૦/૨૦૧૭ મંગળવારથી શરૂ થશે. જેમાં ધો.૯ અને ધો.૧૧ નો પરીક્ષાનો સમય સવારે ૧૧- ૦૦ થી ૧-૦૦ જ્યારે ધો-૧૦ અને ધો-૧૨ નો પરીક્ષા સમય બપોરે ૨-૦૦ થી ૫-૦૦ થી રહેશે. આ શાળા સંકુલની શાળામાં કલ્પના ચાવલા શાળા સંકુલ- પાલનપુર મહર્ષિ કર્ણાદ વિકાસ- સંકુલ- ડીસા, વિણાવાદીની શાળા સંકુલ દિયોદર, સર જગદીશચંદ્ર શાળા વિકાસ સંકુલ - વડગામ, સ્વામી સચ્ચિદાનંદ શાળા વિકાસ સંકુલ- થરાદ, ધરણીધર શાળા વિકાસ સંકુલ- વાવ, વિક્રમ સારાભાઈ શાળા વિકાસ સંકુલ- વડગામ, ધાનેરાની માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓનો સમાવેશ થાય છે. દિવાળી વેકેશન તા. ૧૬/૧૦/૨૦૧૭ થી તા. ૫/૧૧/૨૦૧૭ સુધી રહેશે. તા.૬/૧૧/૨૦૧૭ થી નવા શૈક્ષણિક સત્રનો શુભારંભ થશે.

# ઘરવખરી તણાઈ ગઈ છતાં સહાય નહી


યશપાલસિંહ ટી. વાઘેલા

થરા નગરપાલિકા વિસ્તારના ઉમેદજી અમથાજી ધાંધોસ ના બે મકાન પડી ગયા છે ઘર વખરી માલ સામાન - અનાજ બધું જ તણાઈ ગયું છે છતાં એક રૂપિયાની સહાય મળી નથી કારણ આ લોકો થરા નગરપાલિકામાં આવે છે તેની સજા છે ? કેશ ડોલ્સ પણ મળી નથી. રેશન કાર્ડ, આધાર કાર્ડ બધું છે સરકારની જાહેરાત કોના માટે ?

### અમદાવાદની સેવાભાવી સંસ્થા તરફથી

# વાવના પૂરઅસરગ્રસ્ત ગામોમાં કીટ્સનું વિતરણ કરાયું


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

તાજેતરમાં આવેલા અતિભારે વરસાદ અને નદીઓના વહેણથી વાવ પંથકમાં ભારે તારાજી સર્જાતા સરકારી તંત્રે તેની ગંભીર નોંધ લીધી હતી. સાથે સાથે રાજકીય પક્ષો અને સેવાભાવી સંસ્થાઓ પણ પૂરપીડીતોની વ્હારે આવી છે. જેમાં અમદાવાદ ખાતેની ચેપીરોગ હોસ્પિટલ દુધાભાઈની ચાલી, બહેરામપુરા, જમાલપુરા, માંની મહેર દુપટાવાળા કનુભાઈ પરમાર અને મિત્ર મંડળમાં મોહનભાઈ, પ્રવિણભાઈ, પ્રકાશભાઈ જાખેસરા, લલીતભાઈ વાણીયા, રામભાઈ ચેનલવાળા, સંજયભાઈ ઠાકોર, નરસિંહભાઈ હેમાણી (હરિપુરા, તા.વાવ, જિ.બ.કાં.) વાળાએ વાવ તાલુકાના બાલુંત્રી, રાબડી પાદર, હરીપુરા, સપ્રેડા, દૈયપ, અરજણપુરા જેવા પૂરપીડીત ગામોમાં પહોચી સુકો નાસ્તો પારલે બિસ્કીટ અને ૧ વર્ષથી ૧૭ વર્ષ સુધીની કન્યાઓને 'દુપટા' નું વિતરણ કર્યું હતું. અને પૂરપીડીતોના ખબર અંતરપૂછ્યા હતા. આ સમગ્ર ગામોમાં સેવાભાવી સંસ્થાના મિત્રો સાથે વાવ તાલુકાના (હરિપુરા વિસ્તાર) ના નરસિંહભાઈ હેમાણી સાથે જોડાયા હતા અને સમગ્ર પરિસ્થિતિનો ચિતાર બતાવ્યો હતો.

# વડગામ સ્મશાન ગૃહમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ વડગામ

વડગામ માર્કેટયાર્ડ બાજુમાં આવેલ સ્મશાન ગૃહમાં સરપંચ ભગવાનસિંહ સોલંકીની અધ્યક્ષતામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૧ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ડે.સરપંચ પરબતખાન બિહારી, પૂર્વ સરપંચ કેશરસિંહ સોલંકી, સભ્ય ભિખાભાઈ પ્રજાપતિ, સામંતસિંહ સોલંકી, ડેરી વા.ચેરમેન કે.સી.સોલંકી, શતિષભાઈ ભોજક, ગાયત્રી પરિજન ભાઈઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સરપંચ, ડે.સરપંચના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ કરી વૃક્ષનારાયણની આરતી ઉતારવામાં આવી હતી, તથા વડગામ નગરને નંદનવન કરવા સરપંચ ભગવાનસિંહ સોલંકીએ કુલ ૧૦૧ વૃક્ષો દત્તક લઈ ઉછેરવાની સ્વયં જવાબદારી લીધી છે. આ પ્રસંગે ગામના વિકાસલક્ષી પ્રશ્નો ઉકેલવા ચિંતન કરવામાં આવ્યું હતું.

# પ્રદેશ ભાજપ અધ્યક્ષએ રૂની ગામની મુલાકાત લીધી



કાંકરેજ તાલુકામાં વિનાશક પૂર બાદ નુકશાની અંગે જાત માહિતી મેળવવા આવેલા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ પૂરગ્રસ્ત રૂની ગામની મુલાકાત લીધી હતી જે સમયે તેઓએ રખેવાળના પ્રતિનિધિ કિશોર પ્રજાપતિ સાથે ચર્ચા કરી હતી. જેમાં અગાઉ તેઓ જ્યારે યુવા મોરચાના અધ્યક્ષ હતા તે સમયે રખેવાળ દૈનિકમાં પ્રકાશીત થયેલ સમાચારનો પણ ઉલ્લેખ કર્યો હતો. જોકે તેઓએ સરકાર દ્વારા અસરગ્રસ્તોને પુરની સહાય અપાશે તેવી ખાત્રી આપી હતી.

# બનાસકાંઠા જિલ્લાના ૪૮૮ ગામડાઓનું વીજ કનેકશન માત્ર ત્રણ દિવસમાં ચાલું કરી દીધા : ચીમનભાઈ સાપરિયા

પાલનપુર

કુદરતના કેરનો ભોગ બનેલા બનાસકાંઠા જિલ્લાના ૪૮૮ ગામડાઓનું વીજ કનેકશન માત્ર ત્રણ દિવસમાં સરકારી તંત્રએ અથાગ મહેનત કરીને ચાલું કરી દીધું હતું, તેવું આજરોજ દાંતીવાડા તાલુકાના ભાંડોત્રા ગામની મુલાકાત દરમ્યાન ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરિયાએ જણાવ્યું હતું.

ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરિયાએ વધુમાં જણાવ્યું હતું કે, પુરગ્રસ્ત વિસ્તારમાં આવેલા ૧૬ જેટલા સબ સ્ટેશનોમાં પાણી ભરાઈ ગયા હતા. તેમ છતાં જનજીવન પૂર્વવત કરવા માટે યુ.જી.વી.સી. એલના અધિકારી-કર્મચારીઓએ આ કામ પાર પાડવા રાત – દિવસ એક કર્યા હતા. પુરગ્રસ્ત વિસ્તારમાં જેના ઘરમાં પાણી ધુસી ગયા છે, પશુઓ મૃત્યૃ પામ્યા છે અને ખેતર ધોવાઈ ગયા છે. તેનું સર્વે તાત્કાલિક સરકારે હાથ ધરી દીધો છે. આ પરિવારોને ઝડપભેર બેઠા કરવા માટે જરૂરી સહાય આપવાની કામગીરીનો આરંભ પણ કરી દીધો છે. ગુજરાતની પ્રજા આફતને અવસરમાં પલટાવવાની જબરજસ્ત શક્તિ ધરાવે છે, તેવું કહી મંત્રી ચીમનભાઈ સાપરિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હવાઈ નિરીક્ષણ કરીને પૂરપ્રભાવિત લોકો માટે રૂ . ૫૦૦ કરોડની સહાય આપી છે. કૃષિ રાજય મંત્રી વલ્લભાઈ વધાસિયાએ જણાવ્યું હતું કે, ૧૦૦ વર્ષના ઈતિહાસમાં ન આવ્યું હોય તેટલું પાણી બનાસકાંઠામાં આ વર્ષે આવ્યું છે. તેમ છતાં સજાગતા પૂર્વકની ઝડપી બચાવ અને રાહત કામગીરીના પરિણામે ભારે વરસાદ વચ્ચે પણ મોટી જાનહાનિ, દુર્ઘટના કે મોટું નુકશાન થતું અટકાવી શક્યા છીએ. કુદરતી આપત્તિમાં સૌથી વધારે પ્રભાવિત બનેલા બનાસકાંઠા અને પાટણ જિલ્લાને બેઠા કરવા માટે રાજયના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી સહિત આખું મંત્રાલય અને સરકારી તંત્ર પાંચ દિવસથી બનાસકાંઠાની જનતાની પડખે છે. આજે રાજયના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીનો જન્મ દિવસ છે. સંવેદનશીલ મુખ્ય મંત્રીએ પોતાનો જન્મ દિવસ પૂરપ્રભાવિત લોકો વચ્ચે ઉજવ્યો છે.

ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરિયા અને કૃષિ રાજય મંત્રી વલ્લભાઈ વધાસિયાએ દાંતીવાડા તાલુકાના ગુંદરી, આરખી અને સાતસણ ગામની મુલાકાત લઈ ગ્રામજનોની આપત્તિ જાણી હતી. નુકશાન થયેલા વિવિધ વિસ્તારોની પણ જાત મુલાકાત લીધી હતી. દાંતીવાડાના પાંચ ગામની મુલાકાતમાં દરમ્યાન દાંતીવાડા તાલુકા પંચાયતના પ્રમુખ ઈશ્વરસિંહ સોંલકી, જિલ્લા પંચાયત સદસ્ય રાજુભાઈ જોષી, બનાસડેરીના ડિરેકટર પી.જે.ચૌધરી, તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી, પાંથાવડા એપીએમસીના ચેરમેન હરજીવનભાઈ ભૂતડિયા, ભાંડોત્રાના પૂર્વ સરપંચ કિર્તીભાઈ જૈન સહિત અનેક સ્થાનિક અગ્રણીઓ જોડાયા હતા.

# સીસરાણા મા.ઉ.મા. શાળામાં રક્ષાબંધન પર્વની નોખી ઉજવણી


સુભાષ વ્યાસ

પ્રતિ. સીસરાણા

રક્ષાબંધન પર્વની સીસરાણા મા.ઉ.મા. શાળામાં અનોખી રીતે ઉજવણી કરવામાં આવેલ. જેમાં આચાર્યપી.બી.ચંડીસિઆએ પધારેલ કેળવણી મંડળના પ્રમુખ વિરસંગભાઈ પટેલનું શાળા પરિવાર વતી સ્વાગત કરેલ.મકવાણા ક્રિષ્ણાબેને બેની બાંધવને બાંધે અમર રાખડી ગીત રજૂ કર્યું અને પરમાર પુષ્પાએ ઈસે રેશમના તાર સમજોના ગીત ગાયું - પ્રજાપતિ રિન્કલે વકતવ્ય આપ્યું હતું. નોખી ઉજવણીમાં મગરવાડા માણિભદ્રવીરના યતિશ્રી વિજયસોમજી મહારાજ દ્વારા દાદાની પ્રસાદીરૂપી શાળાની વિદ્યાર્થી બહેનોએ - ભાઈઓને રક્ષાપોટલી બાંધી કુમકુમ તિલક કરીને અનોખી ઉજવણી કરી. ઈ.નાયક કોમલ અને ઠાકોર પાયલે કુંતા અભિમન્યુને સમૂહગીત ગાયું જેમાં આચાર્ય ઘેમરભાઈ ઉપલાણા અને સ્ટાફે સૌને બિરાદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કન્વીનર સુભાષભાઈ વ્યાસ દ્વારા બાળકોને ઈનામ વિતરણ નોટબુક - પેન - ચોપડા અને સીંગ - રેવડીની પ્રસાદીની વહેંચણી કરવામાં આવેલ અને આભારવિધિ વસંતભાઈ આર.પટેલે કરેલ હતી.

### જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ લવાણાની

# કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની મુલાકાત લીધી


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.દિપકભાઈ દરજીએ તા. ૬/૮/૨૦૧૭, રવિવારના રોજ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, લવાણાની મુલાકાત લીધી હતી. વિદ્યાલયના કાર્યાલયમાં શૈક્ષણિક સ્ટાફ સાથે બેઠક કરીને ચર્ચાઓ કરી હતી. તેમજ વિદ્યાલયની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી સ્ટાફને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. કે.જી.બી.વી. લવાણામાં નિવાસી વિદ્યાર્થી બાળાઓ સાથે પણ વાતચીત કરી હતી. વિદ્યાલયના શાળા બાગ, શાળાનું પ્રાંગણ તેમજ પ્રાર્થનાખંડની પણ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીએ મુલાકાત લીધી હતી. શાળાનું શૈક્ષણિક વાતાવરણ, મેદાનની સ્વચ્છતા તેમજ સ્ટાફનો બાળાઓ સાથે વ્યવહાર જોઈ ખુશી વ્યક્ત કરી હતી. વિદ્યાલયની બહેનો તેમજ બાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના હાથે રાખડી બાંધીને સન્માન કર્યુ હતું. કેજીબીવીના વોર્ડન કમ હેડ ટીચર વિમળાબેને વિદ્યાલયની સહ- અ ભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કેજીબીવીનો સ્ટાફ સુખીબેન પટેલ તેમજ ધરતીબેન મોદી ઉપસ્થિત રહ્યા હતા.

### લઘુમતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષે

# ધાનેરાના પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

બ.કાં.જિલ્લાના ધાનેરામાં આવી પડેલ કુદરતી આપત્તિનું જાત નિરીક્ષણ કરવા ગુજરાત અલ્પ સંખ્યક નાણાં નિગમના ચેરમેન તેમજ લઘુમતિ મોરચાના અધ્યક્ષ સુફી સંત મહેબુબઅલી ચિશ્તી ગતરોજ ધાનેરા પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ દરેકને સરકારી સહાય મળશે. તેવી ખાત્રી ઉચ્ચારી તેમના દુઃખમાં સહભાગી થયા હતા.

તેઓએ ધાનેરામાં રહેતા હિન્દુ- મુસ્લિમ પરિવારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. બેલીમવાસ, લાઘાપુરા, બાગ વિસ્તાર, કુરેશીવાસ તમામ વિસ્તારના ગરીબ પરિવારોને સરકારી સહાય આપવાની ખાત્રી ઉચ્ચારી હતી. તેમની સાથે ગુજરાત હજ કમીટીના ડિરેક્ટર અસગરઅલી બાપુ, ભાજપ જિલ્લા મંત્રી સ્વામી નિર્મલપુરીજી, બ.કાં. જિલ્લા લઘુમતિ મોરચાના પ્રમુખ અય્યુબખાન પઠાણ,

અનુસંધાન પાના નં.૬

# થરા શ્રી વિનય પ્રાથમિક શાળાના ભૂલકાઓએ રક્ષાબંધન પર્વ ઉજવ્યું


યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગરમાં આવેલ શ્રી વિનય પ્રાથમિક શાળાના ધો.૬ થી ૮ ના ભૂલકાઓએ ભાઈ- બહેનના પવિત્ર પ્રેમને ઉજાગર કરતા પર્વ રક્ષાબંધનની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી. ધો.૬ થી ૮ ની બાળાઓએ તેમના સહઅભ્યાસિક સાથી ભાઈઓ અને ગુરુજીને ''રક્ષા'' બાંધી સદા સુખી રહી બહેનોની રક્ષા કરો તેવા મીઠણાં લઈ આશિષ પાઠવ્યા હતા. આચાર્ય શિવરામભાઈ પટેલ મદદનીશ શિક્ષકો શિવરાજસિંહ વાઘેલા, શંકરભાઈ પટેલ, હરેશભાઈ પટેલ, વશરામભાઈ પટેલ, દેવરાજભાઈ પટેલ, ઐશ્વર્યાબેન દવે સહિત સ્ટાફ ઉપસ્થિત રહેલ.

ધો.૬ થી ૮ ના પ્રિયંકા રબારી, જાનકી ત્રિવેદીએ રક્ષાબંધન વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તો વિદ્યાર્થીની લક્ષ્મી, તન્વી, કેયા, યાન્વીએ સુંદર રક્ષાબંધન ગીત રજુ કરેલ. શિક્ષક જયંતિભાઈ ચૌધરીએ વિદ્યાર્થી ભાઈ- બહેનોને રક્ષાબંધન પર્વનું મહત્વ સમજાવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન- આયોજન શિવરામભાઈ ડી.પટેલ આચાર્ય તથા અશોકભાઈ ચૌધરીએ કર્યું હતું.

# સામઢીમાં સદ વિચાર ફાઉન્ડેશન દ્વારા વૃક્ષોને રાખડી બાંધી રક્ષાબંધન ઉજવાયું


સંજય જોષી

પાલનપુર

બ.કાં.માં કાર્યરત સદ વિચાર ફાઉન્ડેશન દ્વારા રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે સામઢી રાણાજીવાસ ખાતે આવેલ મહાદેવના મંદિરમાં વાવેલ દરેક વૃક્ષોને બહેનોના હસ્તે રાખડી બાંધી વૃક્ષોનું આયુષ્ય વધે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે સામઢી રાણાજીવાસના સરપંચ વેરસીભાઈ સાગ્રોસણીયા, વિક્રમભાઈ, મધુબેન, સોનલબેન, જેતસીંગ સોલંકી, કાન્તિભાઈ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં આયોજન સદવિચાર ફાઉન્ડેશનના ચેરમેન રાહુલ કોઈટિયા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ડીસામાં શ્રાવણ માસ નિમિત્તે ભાગવત કથાનું આયોજન

ડીસા

અમદાવાદ નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૈ.ધ.ધૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને કાલુપુર સ્વામી તારાયણ મંદિરના મહંત સ.ગુ.શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તા.૯/૮/૨૦૧૭ થી તા.૧૩/૮/૨૦૧૭ સુધી ડીસાના લાયન્સ હોલ ખાતે શ્રીમદ્ ભાગવત કથા (રાત્રિ પારાયણ) નું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ રાત્રે ૮ થી ૧૧ ક. સુધી કથાનું રસપાન સ.ગુ.શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી આગવી શૈલીમાં કરાવશે. કથા દરમ્યાન ધામેધામથી સંતો - મહંતો પધારશે. કથાના પ્રથમ દિવસે તા.૯/૮/૨૦૧૭ ના રોજ સાંજે ૪ કલાકે પોથીયાત્રા વંદના બંગ્લોઝમાંથી નીકળી કથા સ્થળે પહોચશે. તા.૧૩/૮/૧૭ ના રોજ સવારે ૯/૩૦ ક. કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે.

ઘર આંગણે વહેનાર જ્ઞાન ગંગાનો લાભ લેવા શ્રધ્ધાળુ ભાઈ - બહેનોને નરનારાયણ યુવક મંડળ અને સમસ્ત સત્સંગ સમાજ - ડીસા દ્વારા અનુરોધ કરાયો છે.

# બનાસડેરીના વાઈસ ચેરમેન ડીસા તાલુકાના પૂરગ્રસ્ત ગામોની મુલાકાતે


બી.ટી. દરબાર

પ્રતિ. જેનાલ

બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા એપીએમસીના ચેરમેન માલજીભાઈ દેસાઈએ ડીસા તાલુકાના પૂર પ્રભાવિત વરણ, જેનાલ, દેવસરીપ સરત તથા કમોડી ગામની મુલાકાત લીધી હતી. જે સમયે તાલુકા ભાજપ પ્રમુખ લેબજીજી ઠાકોર સહીત અગ્રણીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જે પ્રસંગે પશુપાલકોને એક પશુ દીઠ ૩૦ કીલો બનાસદાણ આપવામાં આવ્યું હતું.

# વડગામમાં રક્ષાબંધન પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી

### વડગામ ચોરા દ્વારા સવામણ સુખડીનું નૈવેધ


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ વડગામ

વડગામમાં રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરવામાં આવે છે. ગ્રામજનો - ખેડૂતો - પશુ - પંખીઓ તમામ જીવોની સુખાકારી માટે વડગામ ચોરા દ્વારા સવામણ સુખડીનું નૈવેધ ધરાવવામાં આવે છે. અંદાજે ૭૫૦ વર્ષ પ્રાચીન ચમત્કારીક શ્રી બ્રહ્માણી માતાજી મંદિર તિર્થસ્થાને બિરાજમાન શ્રી રૂદ્રાણી માતાજીને સુખડીનો નૈવેધ ધરાવવામાં આવે છે. છેલ્લા ૨૩ વર્ષથી વડગામ ચોરાના ટ્રસ્ટી અભેરાજભાઈ વિ.ડેકલીયા દ્વારા પરંપરા મુજબ શ્રાવણ સુદ - ૧૪ (ચૌદશ) ના સાજે પૂજા અર્ચના કરી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જમડાના યુવાશાસ્ત્રીનું હિમાચલમાં 'જ્યોતિષ વિભુષણ' થી સન્માન

***ભારતભરના ૨૫૦ જ્યોતિષોએ વાર્ષિક અધિવેશનમાં ભાગ લીધો હતો.***


વિષ્ણુ દવે

થરાદ

અખિલભારતીય સરસ્વતી જ્યોતિષ મંચ દ્વારા હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં ત્રિદીવસીય ૫૯મું વાર્ષિક જ્યોતિષ અધિવેશન યોજાયું હતું.જેમાં ભારતભરના ૨૫૦ જ્યોતિષવિશારદોએ ભાગ લીધો હતો. જેમાં ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટીના જ્યોતિષવિભાગના પ્રાધ્યાપક શૈલેષભાઇ મહેતાના ૧૪ જેટલા વિધાર્થીઓએને પણ તેમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ અધિવેશનમાં એક જ્યોતિષાચાર્યની પરિક્ષા પણ લેવામાં આવતી હોયછે. જેમાં બનાસકાંઠાના થરાદ તાલુકાના જમડા ગામના અને હાલ અમદાવાદ કલોલમાં સ્થાયી થયેલા શાસ્ત્રી નરેન્દ્રકુમાર રઘુનાથભાઇ મોહનલાલ દવેએ પણ ભાગ લીધો હતો.

જ્યાં મુખ્ય અધ્યક્ષ જ્યોતિષાચાર્ય એચ એચ રાવત દ્વારા સેમીનારમાં જ્યોતિષને લગતી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ત્યાર બાદ આયોજીત જ્યોતિષ પ્રતિયોગિતા પરિક્ષામાં ઉત્તીર્ણ થતાં 'જ્યોતિષ વિભુષણ' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.આ એવોર્ડ મેળવી યુવાશાસ્ત્રીએ બનાસકાંઠા સહિત શ્રીમાળી બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધારતાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

નરેન્દ્રભાઇ શાસ્ત્રીએ આ એવોર્ડને એમના કાકા વૈકુઠલાલ શાસ્ત્રી, જ્યોતિષ પ્રાધ્યાપક શૈલેષભાઇ મહેતા, બાલકૃષ્ણ શાસ્ત્રી (ગાયત્રી પંચાંગ) ના સહયોગ અને નિશ્રામાં તેમના આશિર્વાદ સમાન ગણાવ્યો હતો.

# લો કોલેજ(કાંટ)ડીસાની ટીમ દ્વારા પુરગ્રસ્ત વિસ્તારમાં રાહતસામગ્રી વિતરણ



ડીસા

બનાસકાંઠાની શૈક્ષણિક સંસ્થા શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત લો કોલેજ(કાંટ) ડીસા અને જલારામ મંદિર ડીસાના સહયોગથી પુરઅસરગ્રસ્તો માટે રાહતસામગ્રીનું વિતરણ ડીસા તાલુકાના રામસણ, નાંણી ગામે કરવામાં આવેલ.આજનું યુવાધન સામાજીક સેવાકાર્યોની પ્રેરણા મળે અને સંવેદનશીલ નાગરિક બને તે હેતુથી લો કોલેજની ટીમ પુરગસ્ત વિસ્તારની રૂબરૂ મુલાકાત અને રાહતસામગ્રી વિતરણ કરેલ.

લો કોલેજના પ્રિન્સીપાલ ડો.રાજુલ દેસાઈ, કલ્પેશભાઈ, પિયુષભાઈ, પિન્ટુભાઈ, સંજયભાઈ, સુમેરસિંહ, પરબતસિંહ, સંજય નાણીએ સહકાર આપેલા.

# શ્રી સત્ય સાંઈ સેવા સંગઠન દ્વારા પૂર અસરગ્રસ્તોને મદદ

સુરત

જિ.બનાસકાંઠા તાલુકો- ધાનેરા, થરાદ અને વાવ માટે હાલમાં બનાસકાંઠાના ઉપરવાળા તાલુકાના અસંખ્ય ગામોમાં કુદરતના પ્રકોપ એવી અતિવૃષ્ટિ, ભારે વરસાદે રોડ,ખેતરના ઊભા પાક, ખેતી અને ખેતરોમાં લાખો રૂપિયાનું નુકશાન થયુ છે.

તેથી રોગચાળો ફેલાયો છે. કેટલાક ઘરોમાં પાણી ઘુસી ગયા અને પાણીજન્ય રોગોનો ફેલાવો થવા માંડ્યો છે. ગ્રામજનોને માલ-મિલકતને તથા તંદુરસ્તીને નુકશાન થયુ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ શ્રી સત્ય સાંઈ સેવા સંગઠન ગુજરાતના દરેક જિલ્લાના સર્વે કાર્ય કરો તેમાં ખાસ અમદાવાદ, મહેસાણા, વડોદરા, વિસનગર, ભરૂચ, સુરતના તબીબી ભાઈઓએ વિનામુલ્યે તપાસ અને સારવાર શિબિરોનું આયોજન મુખ્યત્વે અસરગ્રસ્ત ધાનેરા અને આજુબાજુના ગામો તથા થરાદ તાલુકાના અસંખ્ય ગામોમાં નિષ્ણાંત ડૉક્ટરોની ટીમ દ્વારા સેવાયજ્ઞ તા. ૨૮ મી જુલાઈથી શરૂ કરી આજદિન સુધી ચાલી રહ્યું છે. દરરોજ આશરે ૪૦૦ થી ૪૫૦ દર્દીઓ પ્રમાણે અત્યાર સુધી ૩૨૦૦ થી વધારે દર્દીઓને આ મેડીકલ સેવાનો લાભ મળેલ. આ ઉપરાંત જરૂરિયાતમંદ કુટુંબોને અનાજ, ખીચડીના ૨૦૦ પેકેટ, ૨૦૦૦ જેટલા ફુડ પેકેટ તથા ૮૪ નંગ સ્ટવ, તથા ૬૩ નંગ ટેમ્પરલી આશ્રય માટે ટેન્ટ વગેરે થરાદ સ્થિત ''વૈકુંઠધામ'' મંદિરના ટ્રસ્ટી નાથાલાલ સી.ખત્રી તથા સંગઠનના રાજ્ય પ્રમુખ મનોહરભાઈ તથા જિલ્લા પ્રમુખ અમદાવાદના યજ્ઞેશભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ રૂબરૂમાં અર્પણ કરવામાં આવ્યું છે. આ સેવાકાર્ય અત્યારે પણ કાર્યરત છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડીસા દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયા નિમિત્તે 'મહિલા કૃષિ દિવસ' ની ઉજવણી



ડીસા

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા તા. ૧ લી ઓગસ્ટ થી તા. ૧૪ મી ઓગસ્ટ ૨૦૧૭ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ડીસા તાલુકાના ભોયણ ગામમાં 'મહિલા કૃષિ દિવસ' ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં ગામની ૮૦ મહિલાઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડીસાના સીનીયર સાયન્ટિસ્ટ અને હેડ ડૉ.જી.જે.પટેલ દ્વારા આવેલ બહેનોને આવકારી કાર્યક્રમ વિશે સંક્ષેપમાં માહિતી આપી મહિલાઓમાં પોષક તત્વોનું મહત્વ અને જાળવણી વિષય ઉપર માર્ગદર્શન આપેલ. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ.ડી.એ. સદરાસણીયા દ્વારા પશુપાલન થકી મહિલાઓની આર્થિક સધ્ધરતા તેમજ નફાકારક પશુપાલન માટે ચાવીરૂપ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરેલ. ડૉ.વાય.ડી.પવાર, વૈજ્ઞાનિક (બાગાયત) એ કીચન ગાર્ડનીગ બનાવવાની પધ્ધતિ અને ઘરગથ્થું બનાવટો અને તેના વ્યવસાય દ્વારા મહિલાઓની આર્થિક સધ્ધરતા અને સશક્તિકરણ વધારવાના વિષય પર વિસ્તૃત માર્ગદર્શન પુરુ પાડેલ. વૈજ્ઞાનિક (કૃષિ ઈજનેર) યુ.ડી.ડોબરીયા દ્વારા ઉપસ્થિત મહિલાઓને ખેતીમાં યાંત્રિકરણ થકી ખર્ચ ઘટાડવાની વિવિધ પધ્ધતિઓ ઉપર માર્ગદર્શન પુરુ પાડેલ. કાર્યક્રમમાં વિવિધ વિષય પર માર્ગદર્શન આપ્યા બાદ ઉપસ્થિત મહિલાઓને કૃષિ સાહિત્ય, સામગ્રીનું વિતરણ કરવામાં આવેલ.

સદર એક દિવસીય કાર્યક્રમમાં ડીસા તાલુકાના ભોયણ ગામની ૮૦ જેટલી મહિલાઓએ રસપૂર્વક ભાગ લઈ ઉપસ્થિત વૈજ્ઞાનિકો સાથે લંબાણપૂર્વક વાર્તાલાપ કરી માહિતીનો આદાન- પ્રદાન કરેલ. અંતે, ગામના આંગણવાડી કાર્યકર્તા કપિલાબેન દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપાન કરવામાં આવેલ.

# લોરવાડામાં રાજ રાજેશ્વરી માઁ ક્ષેમંકરી દેવીનો પ્રાગટ્યોત્સવ ઉજવાશે


નરસિંહ દેસાઈ

(પ્રતિનિધિ) વડાવળ

શ્રાવણ સુદ-૧૪ નો દિવસ રાજ રાજેશ્વરી માઁ ક્ષેમંકરી દેવીનો પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ડીસા તાલુકાના વડાવળ નિવાસી સોલંકી ચતરાજી ગોમાજી પરિવાર દ્વારા દર વર્ષે માતાજીનો પ્રાગટ્ય દિન મહોત્સવની ઉજવણી કરે છે ત્યારે ગતરોજ શ્રાવણ સુદ-૧૪ ના દિવસે લોરવાડા ગામે આવેલ છગનજી ચતરાજી સોલંકીના ફાર્મ હાઉસ પર માતાજીના પ્રાગટ્ય દિન મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વહેલી સવારે કળશ સ્થાપના કરી માતાજીનો માંડવ આયો હતો. સાંજે માતાજીની આરતી કરવામાં આવી હતી. સાથે સુખડી પ્રસાદ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત દિવસે ભોજન પ્રસાદનું આયોજન પણ થયું હતું. જેમાં સોલંકી પરિવારના સગા સંબંધી સ્નેહીજનો અને માતાજીના સેવકો ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજ રાજેશ્વરી માઁ ક્ષેમંકરી દેવીનું નિજ મંદિર ભાખરી ભિનમાલ નગરે આવેલ છે ત્યાં આજના શુભ દિવસે અતિ ભવ્ય મેળો ભરાય છે ત્યાં દર વર્ષ પગપાળા યાત્રા સંઘ પણ જાય છે ત્યારે આ વર્ષે ૨૩મો પગપાળા યાત્રા સંઘ આગામી તા.૧૭/૦૯/૨૦૧૭ ને રવિવાર ભાદરવા વદ-૧૨ ના રોજ ડીસાથી ભીનમાલ જશે. આ યાત્રામાં જોડાવવા માટે તા.૦૧/૦૯/૨૦૧૭ સુધી નામ નોંધણી કરવા માટે જણાવવામાં આવ્યું છે.

ડીસા નજીકના લોરવાડા ફાર્મ હાઉસ પર માતાજીના દશમા મહોત્સવને સફળ બનાવવા માટે ચતરાજી ગોમાજી સોલંકી પરિવારના તમામ સદસ્યોએ ખુબ જહેમત ઉઠાવી હતી અને મહોત્સવના આયોજનમાં છગનજી ચતરાજી સોલંકી, ખીમાજી ચતરાજી તથા રમેશભાઈ વગેરેએ ખુબ સારો સહકાર આપ્યો હતો.

# પ્રભુની સાચી ભક્તિ ઉપસર્ગોનો, નાશ કરે છેઃ રાજરક્ષિતવિજયજી મ.



ડીસા

શ્રી વાસુપૂજ્ય જિનાલય- મહાવીરનગર સોસાયટી નવસારીમાં આચાર્ય હંસકીર્તિસૂરિજી, મુનિ હંસબોધિવિજયજીની પાવન નિશ્રામાં પ્રભુમિલન પ્રસંગે પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે, પ્રભુ મિલન માટે પરમાત્મા- વિરહના આંસુ જોઈએ. બાળક રડે મમ્મી હાજર થઈ જાય. દર્દી રડે તો ડૉક્ટર તરત હાજર થાય તેમ પ્રભુવિરહથી ભક્ત રડે તો પ્રભુ હાજર થઈને જ રહે છે. સુરદાસ રડતાં શ્રીકૃષ્ણ હાજર થયાં, ચંદનબાળા રડ્યાં તો મહાવીર હાજર થયાં, આજ સુધીમાં સ્વજન- સંપત્તિ- સંબંધી અને સત્તાના વિરહે ખૂબ રડ્યા છીએ હવે પ્રભુ વિરહે રડવાનું શરૂ કરો...

મુનિશ્રીએ કહ્યું કે, પ્રભુની સાચી ભક્તિ ઉપસર્ગોનો નાશ કરે છે વિઘ્નોની વેલડીઓ ખતમ કરે છે અને મનની અશાંતિ દૂર કરીને મનને પ્રસન્ન બનાવે છે. જે ગાડીના ડ્રાઈવરે મદિરા પીધી હોય તે ગાડી- અકસ્માત કર્યા વિના રહે નહિ, જે જીવનરૂપી ગાડીમાં ડ્રાઈવર તરીકે મોહરાજા હોય તે ગાડી દુર્ગતિમાં જાય તો નવાઈ નહિં. આજ સુધીમાં મોહને મન મંદિરમાં બેસાડવાની મોટી ભુલ કરી છે. હવે મોહને પદભ્રષ્ટ કરી મહાવીરને સુકાન સોંપો, આપણો વિજય નિશ્ચિત છે. રાવણ- ઈચ્છતો ન હતો કે, રામ લંકામાં આવીને મને હરાવે, છતાં પણ રાવણની ના ઉપર રામે યુદ્ધ કરીને રાવણને ખતમ કર્યો, તેમ હે પ્રભુ!! મારા દોષો આપ મારા મનમંદિરમાં આવો તેવું ઈચ્છતા નથી. છતાં તેઓની ઉપેક્ષા કરી પધારો અને મને વિજય પ્રાપ્ત કરાવો. સવારે ઘાસ ખાનારી ગાય સાંજે તરત દૂધ આપે છે તેવી રીતે સવારે કરેલી સાચી ભક્તિ સાંજે રિઝલ્ટ આપે છે. સંગીતકાર અંકુર હુંડીયાએ પ્રભુભક્તિની રમઝટ બોલાવી હતી.

## ટાટા વોટર મિશન હેઠળ અતિવૃષ્ટિ વાળા વિસ્તારમાં પેયજળનું વિતરણ

# ઉત્તર ગુજરાતમાં આવેલ પૂરના પ્રકોપ દરમ્યાન લોકોને ટાટા ટ્રસ્ટ દ્વારા આર.ઓ. પાણીનું વિતરણ

ડીસા

રાજયના ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તાજેતરમાં આવેલ ભારે વરસાદના કારણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના ગામોમાં અતિવૃષ્ટિનું વાતાવરણ સર્જાયું છે જેને કારણે ગામોના ગામોમાં ખૂબ જ ઉંચે સુધી પાણી ભરાઈ જવાથી લોકોની ઘરવખરી અને માલસામાન પલળી ગયો કે તણાય ગયો છે તેમજ પીવાના પાણીના સ્તોત્ર પૂરના પાણીના લીધે ડુબી ગયા છે. આથી આવા સમયે આરોગ્યની કાળજી માટે અને રોગચાળો ના ફાટી નીકળે એ માટે શુધ્ધ પાણીની ઉપલબ્ધિ ખુબ જ આવશ્યક છે.

આથી જિલ્લા કલેકટર બનાસકાંઠા તથા નાયબ કલેકટર થરાદના સંકલનમાં રહીને આવા અસરગ્રસ્ત ગામોમાં લોકોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ તથા વાસ્મોના સંયુક્ત ઉપક્રમે ટાટા ટ્રસ્ટ દ્વારા થરાદ તાલુકાના હેડર્કસ ઉપર દર કલાકે ૧૦૦૦ લીટર પાણી મળી રહે તેવી ક્ષમતાનો એક મોબાઈલ આર.ઓ.પ્લાન્ટ પણ ટુંક સમયમાં કાર્યરત કરવાનું આયોજન છે. આર.ઓ.પ્લાન્ટના પાણીના ૧૦ લીટરના કેરબા બોલેરો વાનમાં ભરી અસરગ્રસ્ત ગામોના પરિવારો સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી શરૂ કરવામાં આવેલ આ ભગીરથ કાર્ય દરમ્યાન થરાદ તાલુકાના મહાદેવપુરા ગામે ૧૨૦૦ લીટર પાણી તથા લોરવાડા ગામે ૨૦૦૦ લીટર, દોઢ ગામે ૧૫૦૦ લીટર અને નાની પાવળ ગામે ૧૫૦૦ લીટર, વળાદર ગામે ૨૦૦૦ તથા વામી ગામમાં ૬૪૦૦ લીટર પાણીનું વિતરણ કરવામાં આવ્યું છે. જ્યારે વાવ તાલુકાના નળોદર ગામમાં ૩૦૦૦ લીટર પાણી લોકોને પહોચાડવામાં આવ્યું છે.ટાટા ટ્રસ્ટ દ્વારા પીવાના શુધ્ધ પાણીની સાથે જે લોકોના ઘર પડી ગયા છે અથવા રસોડાની સામગ્રી તણાઈ ગયેલ છે તેવા લોકોના ઘરની મુલાકાત લઈ સર્વે પણ કરવામાં આવી રહ્યું છે. જેમાં જરૂરીયાતવાળા લોકોને કીચન કીટ પણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તદઉપરાંત ગામોમાં આરોગ્ય કેમ્પ પણ કરવામાં આવી રહ્યા છે. જેમાં ભણસાલી ટ્રસ્ટ તથા ક્રિષ્ના હોસ્પિટલ કરમસદના સંકલનથી અત્યાર સુધીમાં ૬ ગામોમાં આરોગ્ય કેમ્પ પણ પુર્ણ કરવામાં આવ્યા છે. જેમાં ૫૦૦ થી વધુ દર્દીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી છે. બનાસકાંઠાનું લોકજીવન વહેલી તકે યંત્રવત થાય તે માટે ટાટા ટ્રસ્ટની ગુજરાતની ટીમ દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. અને જેમાં સ્થાનિક વહીવટી તંત્રનો ખુબ જ સહકાર, આગેવાનોનો આવકાર તથા ગ્રામજનોનો ખુબ જ સારો સત્કાર સાંપડી રહ્યો છે.

# આયુર્વેદીય અમૃતપેયથી લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ

પાલનપુર

પૂર અસરગ્રસ્ત એવા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સરકાર દ્વારા આરોગ્યલક્ષી સુચિત પગલા લેવાઈ રહ્યા છે. આ માટે આયુર્વેદ સાથે સંલગ્ન આયુષની કચેરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માર્ગદર્શન હેઠળ વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં આયુર્વેદીય ઔષધિયોના ઉકાળાનું છેલ્લા પાંચ દિવસથી વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ આયુર્વેદિક ઉકાળા વિતરણના ''અમૃતપેય કેન્દ્ર'' બનાસકાંઠા જિલ્લામાં ૪૨ સ્થાનો પર અને પાટણ જિલ્લામાં કુલ ૬૦ થી વધુ ટીમો આ કામગીરી માટે કાર્યરત છે.

આ અમૃતપેય આયુર્વેદ ઉકાળો ગળો વગેરે દિવ્ય ઔષધો ભેગા કરીને બનેલ કવાથમાંથી તૈયાર થાય છે. જેને ૧૨ કલાક સુધી પલાળી ૬ કલાકથી વધુ સમય સુધી ઉકાળીને બનાવવામાં આવે છે. આજદિન સુધી આ અમૃતપેયનો બનાસકાંઠા જિલ્લા ૮૮૦૦૦ થી વધુ લોકોએ તથા પાટણ જિલ્લાના ૧૩૦૦૦ થી વધુ લોકોએ લાભ લીધેલ છે. આયુષ ચિકિત્સકોની ટીમ દ્વારા આયુષ-૬૪ નામની મેલેરીયા પ્રતિરોધક સંશોધન ઔષધિની કેપ્સયુલ તથા સુદર્શન ઘનવટી વગેરે ઔષધો વહેંચી ભારે વરસાદ બાદ ફેલાતા મેલેરીયા જેવા રોગ ફેલાતા અટકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આયુષ ચિકિત્સકો આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં મોબાઈલ ડીસેપન્સરી સાથે જઈ આયુર્વેદ અને હોમીયોપેથી સારવાર પણ પુરી પાડી રહ્યા છે. પૂર પ્રભાવિત વિસ્તારોમાં બનાસકાંઠા જિલ્લાના ૧૦૦૦૦ થી વધુ લોકોએ આયુર્વેદ સારવાર તથા ૨૪૦૦ થી વધુ લોકોએ હોમીયોપેથી સારવાર મેળવેલ છે અને પાટણ જિલ્લામાં ૧૧૦૦ થી વધુ લોકોએ આયુર્વેદ સારવાર લીધેલ છે.

આ આયુર્વેદીય અમૃતપેય અસરગ્રસ્ત વિસ્તારોમાં વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકે તે માટે સેવાભારતી જેવી સામાજીક સંસ્થાઓ, દુધ મંડળીઓના અધિકારીઓ, એપીએમસીના અધિકારીઓ, લોકસેવકો વગેરેનો સહયોગ મળી રહ્યો છે. લોકોમાં રોગચાળો ફેલાય નહી તે માટેનું ભગીરથ કામ આયુષ તબીબોની ટીમ તથા સામાજીક સંસ્થા કરી રહી છે. આ અંગેના કેન્દ્ર અસરગ્રસ્ત વિસ્તારોમાં શરૂ કરવા માટે પાલનપુર ખાતે આવેલ બનાસકાંઠા જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી તથા પાટણ ખાતેની જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ડીસા આદર્શ હાઈસ્કુલના બાળકો વિવિધ સ્પર્ધામાં વિજેતા



ડીસા

આદર્શ હાઈસ્કુલ ડીસામાં જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા આયોજીત જિલ્લા કક્ષાની ૧૯ુ-૧૯ ડોઝબોલ ભાઈઓ, બહેનો સ્પર્ધા તથા ૧૯ુ-૧૯ સરકલ કબડ્ડી ભાઈઓ સ્પર્ધા તથા ૨૧ુ-૧૭ કુરાસ ભાઈઓ બહેનો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્દઘાટન આદર્શ હાઈસ્કુલના પ્રધાનાચાર્યા દિપ્તીબેન સોની તથા હસુમતીબેન સાયતા દ્વારા કરવામાં આવ્યું. જેમાં સરકલ કબડ્ડીમાં કુલ આઠ(૮) ટીમોએ ભાગ લીધો હતો. તેની ફાઈનલ મોટાસડા (દાંતા) તથા આદર્શ હાઈસ્કુલ ડીસા વચ્ચે રમાઈ. જેમાં આદર્શ હાઈસ્કુલ ડીસા વિજેતા બનેલ છે. તથા ડોઝબોલ બહેનોમાં તથા ભાઈઓમાં પણ આદર્શ હાઈસ્કુલ ડીસા વિજેતા બનેલ છે. તથા ૧૯ુ-૧૭ કુરાસ સ્પર્ધાની ફાઈનલ આદર્શ હાઈસ્કુલ ડીસા તથા જનતા હાઈ.થરાદ વચ્ચે રમાઈ. જેમાં આદર્શ હાઈસ્કુલ ડીસા વિજેતા બનેલ છે.

આ સ્પર્ધાનું સંચાલન આયોજન અને માર્ગદર્શન હરેશભાઈ પવાયા તથા ઈશ્વરભાઈ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# થરાદમાં વરસાદમાં ગૌમાતાઓની સેવા સારવાર



વિષ્ણુ દવે

થરાદ

થરાદમાં જુલાઈમાં અતિભારે વરસાદથી અનેક ગાયોના મોત નીપજ્યા હતાં. ત્યારે એનિમલ વેલ્ફેર બોર્ડ રાજકોટની ટિમ અને થરા ના ગૌરક્ષકો એ સાથે મળી થરાદ અને વાવ તાલુકાના ગામોમાં સતત સાત દિવસ તમામ ગો શાળાઓ અને મહાજનની ગાયો અને અબોલ પશુઓની સારવાર કરી હતી અને આ ભગીરથ કામમાં ગામના સ્થાનિક લોકોએ થરાદના પાંજરાપોળ તેમજ ગૌ શાળામાંની ગાયોની તન મન અને ધનથી સેવા કરી માનવતાની લાગણી અનુભવી હતી.

# રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ દ્વારા અસરગ્રસ્તોને કિટ વિતરણ


રમેશ તિરગર

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકામાં ભારે વરસાદ અને પૂર આવતા કેટલાક ગામડાઓના પરિવારો ઘરવિહોણા થઈ ગયા છે. આથી રામકૃષ્ણ વિવેકાનંદ મેમોરિયલ અલ્કાપુરી, વડોદરા દ્વારા ધાનેરા, આલવાડા, રવિ, વક્તાપુરા, બાપલા, વાછોલ, જૈતપુરા, જેતાવાડા, મોરવાડા, સોરડા વગેરે ગામોને લગભગ એક હજાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ચોખા, મગદાળ, મીઠુ, તેલ, ખાંડ, હળદર પાવડર, ધનીયા પાવડર, ચણા, દુધનો પાવડર, માચીસ બોક્સ, મીક્સ ફરસાણ, પારલેજી બિસ્કીટ વગેરે ચીજવસ્તુઓ અસરગ્રસ્ત ગરીબ પરિવારોને નિઃશુલ્ક વિતરણ સ્વામી દર્પણાનંદ દ્વારા કરવામાં આવતા ઉપરોક્ત ગામના ગરીબ પરિવારોએ ખુશી વ્યક્ત કરી હતી.

**ગુજરાતમાં ..**

**પાના નં.૧ ચાલુ**

તેમની પાસે હોવાનો દાવો કરી રહી છે. કોંગ્રેસ પાસે હવે છે એટલા મતોમાંથી એકપણ મત આઘોપાછો ના થાય તે માટે કોંગ્રેસ એકદમ હાઈએલર્ટ પર છે. ખાસ કરીને ભાજપ અને તેના તોડફોડિયા માણસોથી સાવધ અને સજાગ થઈ છે. એટલે જ કોંગ્રેસ તેના તમામ ૪૪ ધારાસભ્યોને આણંદના નિજાનંદ રિસોર્ટમાં હવે એક દિવસ માટે દુનિયાથી જાણે અલિપ્ત રાખી રહી છે કે જેથી છેલ્લી ઘડીયે ભાજપવાળા કોઈ ગતકડું ના કરે.

આવતીકાલે તમામ ૪૪ ધારાસભ્યોને રિસોર્ટથી લોખંડી સુરક્ષા કવચ વચ્ચે સીધા જ ગુજરાત વિધાનસભા ગૃહના મતદાન સ્થળે લઈ જવાશે. કોંગ્રેસે તેના તમામ ધારાસભ્યોને પક્ષના વ્હીપ મુજબ, તેમના સત્તાવાર ઉમેદવાર એહમદ પટેલને જીતાડવા બહુ ગોખણપટ્ટી કરાવી છે પરંતુ હવે આવતીકાલના મતદાન બાદ સ્પષ્ટ થશે કે, કોંગ્રેસના ધારાસભ્યો રાજયસભાની ચૂંટણીની મતદાનની પરીક્ષામાં આખરે પાસ થયા કે કેમ. વળી, નોટાનો ઉપયોગ ભાજપ અને કોંગ્રેસ માટે મૂંઝવણ વધારી શકે છે. જો કે, બંને પક્ષ તેમના ધારાસભ્યો નોટાનો ઉપયોગ નહી કરે અને તેમના ઉમેદવારોને જ જીતાડશે એવો દાવો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતની રાજયસભાની ચૂંટણીનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચ્યો હતો. ગુજરાતમાં રાજયસભાની સીટ માટે તા.૮મી ઓગસ્ટની ચૂંટણીમાં નોટાના ઉપયોગની સામે કોંગ્રેસના નેતાઓએ અરજી કરી હતી, જો કે, સુપ્રીમકોર્ટે નોટા સામે કોઈ રાહત નહી આપતાં હવે ભાજપ અને કોંગ્રેસ બંને નોટાને લઈ થોડા ચિંતિત છે. ભાજપ પોતે પણ નોટાન લઈને નાખુશ છે. થોડાક દિવસ પહેલા જ ભાજપ પ્રતિનિધીમંડળે પણ ભારતના ચૂંટણી પંચ સમક્ષ એક મેમોરેન્ડમ સુપ્રત કરીને નોટા સામે વાંધો ઉઠાવ્યો હતો. ભાજપને પણ રાજયસભામાં ક્રોસ વોટિંગની દહેશત સતાવી રહી છે. ભાજપના ટોપ નેતાઓને દહેશત છે કે વર્ષ ૨૦૧૭માં ચૂંટણી માટે ટિકિટ કપાનાર ધારાસભ્યો નોટાનો ઉપયોગ કરી શકે છે સાથે સાથે બળવંતસિંહ રાજપુત માટેની ત્રીજી સીટ જીતવાની આશા પર પાણી ફેરવી શકે છે. કોંગ્રેસ પાર્ટીના સભ્યો માને છે કે અડધા ડઝન જેટલા ભાજપ ધારાસભ્યો ભાજપના ત્રીજા ઉમેદવારને ટેકો આપવાના બદલે પટેલને મત આપવાનુ પસંદ કરશે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોત પોતાની રીતે ગણતરી કરવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં આવતીકાલે યોજાનારી ચૂંટણી પ્રતિષ્ઠા સમાન બની ગઈ છે. દેશમા તમામ રાજકીય પક્ષોની નજર હવે આવતીકાલની ચૂંટણી અને તેના મતદાન પર કેન્દ્રિત થઈ છે.

**૪૪ કોંગ્રેસી..**

**પાના નં.૧ ચાલુ**

ટ્રાવેલ્સ કંપનીની બે બસ એરપોર્ટ પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ તેમને અમદાવાદથી આશરે ૭૭ કિલોમીટરના અંતરે સ્થિત આણંદના નિજાનંદ રિસોર્ટમાં મોકલી દેવામાં આવ્યા હતા. આવતીકાલે રાજયસભાની બેઠકની યોજાનાર ચૂંટણીના મતદાન સુધી તેમને ત્યાં જ રાખવામાં આવનાર છે. કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલ, સાગર રાયકા અને નરેશ રાવલની આગેવાનીમાં પક્ષના તમામ ધારાસભ્યોની સુરક્ષિત ઘરવાપસી કરાઈ હતી. હવે આવતીકાલે આણંદ રિસોર્ટથી ગાંધીનગર વિધાનસભા ગૃહ સુધી તમામ ધારાસભ્યોને સુરક્ષિત રીતે લઈ જવાની જવાબદારી કોંગ્રેસના યુવા નેતા ઈન્દ્રવિજયસિંહ ગોહિલને સોંપાઈ હતી. આણંદ રિસોર્ટ પર પહોંચ્યા બાદ કોંગ્રેસના ધારાસભ્યોને મીડિયા પર્સન સહિત બહારના તમામ લોકોના સંપર્કથી દૂર રખાયા હતા. વળી, રાજયસભાની આવતીકાલની ચૂંટણીને આડે હવે ગણતરીના કલાકો બચ્યા હોઈ ભાજપ દ્વારા છેલ્લી ઘડીયે કોઈપણ ગંદી ચાલ ચાલી પોતાના ધારાસભ્યોને તોડાય નહી તે માટે કોંગ્રેસે તેની એક નવી વ્યૂહરચનાના ભાગરૂપે યુથ કોંગ્રેસના ૫૦૦થી વધુ કાર્યકરોને ધારાસભ્યોની સુરક્ષા અને વોચ માટે તૈનાત કરી દીધા હતા. કોંગ્રેસના યુવા નેતા અને કાર્યકરો રિસોર્ટ ખાતે અને રિસોર્ટની આસપાસની શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખતા નજરે પડતા હતા.

**અમરનાથ યાત્રી.**

**પાના નં.૧ ચાલુ**

અન્ય બે ત્રાસવાદીઓ ફુંકાયા હતા. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળાનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. છેલ્લા સાત વર્ષમાં સૌથી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે જુલાઈ સુધી ૧૧૭ ત્રાસવાદીઓને ઠાર કર્યા છે. ગયા વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીની અવધિમાં સૌથી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદ તેમજ હિઝબુલની સાથે જોડાયેલા કેટલાક ત્રાસવાદીઓની યાદી તૈયાર કરી લીધી છે. જૂન મહિનામાં સેનાએ જમ્મુ કાશ્મીરમાં ૧૨ ત્રાસવાદીઓની હિટલિસ્ટ જારી કરી હતી. સુરક્ષા દળોએ આ ત્રાસવાદીઓની સામે જોરદાર ઓપરેશન હાથધર્યું છે જેના ભાગરુપે અબુ દુજાના સહિતના અન્ય ત્રાસવાદીઓ ફૂંકાયા હતા. આ ત્રાસવાદીઓમા નામ અને ફોટા જારી કરવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે હજુ સુધી ૧૨૦ ત્રાસવાદીઓના મોત થઈ ચુક્યા છે. અબુ દુજાના અને આરીફ લીલહારી ઠાર થયેલા ૧૧૫ અને ૧૧૬માં ત્રાસવાદી તરીકે હતા. ઓગષ્ટમાં પણ કાર્યવાહી જારી રહી છે. ૨૦૧૬માં આ ગાળા સુધી ૯૨ ત્રાસવાદીઓનો ખાત્મો થયો હતો. જુલાઈ ૨૦૧૭માં ૨૨ ત્રાસવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. ૨૦૧૨-૧૩માં ક્રમશ: જમ્મુ કાશ્મીરમાં ૭૨ અને ૬૭ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ૨૦૧૪માં ૧૧૦, ૨૦૧૫માં ૧૦૮ અને ૨૦૧૬માં ૧૫૦ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ વર્ષે માર્યા ગયેલા આતંકવાદીઓનો આંકડો પહેલાથી વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ના આંકડાને પાર કરી ગયો છે.

**ભાજપનો ધારાસભ્યોને...**

**પાના નં.૧ ચાલુ**

મતદાનની મહત્તા સમજાવી હતી. ધારાસભ્યોને રાજયસભાની ચૂંટણીને લઈ પક્ષના વ્હીપ, મતદાનની પ્રક્રિયા, મતદાન કેવી રીતે કરવુ અને કયા અંક પર મંજૂરીની મ્હોર મારવી, રાજયસભાનું અંકગણિત સહિતના મુદ્દાઓ પર જરૂરી નિર્દેશો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભાજપના ધારાસભ્યોની આજની બેઠક ઘણી મહત્વની મનાઈ રહી છે કારણ કે, તેમાં ભાજપની રાજયસભાની ચૂંટણીની આખરી કૂટનીતિ ઘડાઈ હતી. કોંગ્રેસે પણ ભાજપની બેઠકને ગંભીરતાથી લીધી હતી કારણ કે, ભાજપ છેલ્લી ઘડીના મરણિયા પ્રયાસોમાં તેને કોઈપણ પ્રકારે નુકસાન ના પહોંચાડી જાય તેની વેતરણમાં હતી.

**ભાજપ કંઇપણ કરે ..**

**પાના નં.૧ ચાલુ**

ધારાસભ્યોને મળવા આણઁદના નિજાનંદ રિસોર્ટ ખાતે પહોંચેલા એહમદ પટેલે વધુમાં ભાજપ પર પ્રહાર કરતાં વધુમાં જણાવ્યું હતું કે, લોકશાહીને કલંક લગાડતું કૃત્ય ભાજપે આચર્યું છે. ધારાસભ્યો અને તેમના પરિવારોને ધાકધમકી અને કરોડોની ઓફર આપી તોડવાના હીન પ્રયાસો કર્યા છે. ભાજપે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની તેની સત્તાનો દૂરપયોગ કર્યો છે. મારા ધારાસભ્યોને હું સલામ કરું છું કે તેઓ કોંગ્રેસ પક્ષને વફાદાર રહ્યા છે. તેમણે ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ભાજપ માઈનોરીટી મુકત સંસદ બનાવવા ઈચ્છે છે. ભાજપ એસસી-એસટી અનામત પણ રદ કરવા માંગે છે. રાહુલ ગાંધી પર ધાનેરામાં થયેલા હુમલાને પણ તેમણે વખોડી કાઢયો હતો અને જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા કરાયેલો આ હુમલો નિંદનીય અને શરમજનક કૃત્ય છે. આ પ્રકારે અમને રિસોર્ટમાં રહેવાની ભાજપે ફરજ પાડી છે કારણ કે, ભાજપ જે પ્રકારે સત્તા અને પૈસાના જોરે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની ગંદી રાજનીતિ રમી રહ્યું હતું, તેના કારણે અમારે લોકશાહીની રક્ષા અને અમારા ધારાસભ્યોની સુરક્ષા માટે આમ કરવું પડયું છે. પૂરપીડિતોની મદદના બદલે કોંગ્રેસના ધારાસભ્યો કેમ બેંગ્લુરૂ જતા રહ્યા તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં એહમદ પટેલે સ્પષ્ટ કર્યું કે, ધારાસભ્યો પૂરના સમયે તો અહીં જ હતા અને પૂરપીડિતોની મદદમાં હતા. શરૂઆતના પાંચ દિવસોમાં કોંગ્રેસના ધારાસભ્યો પૂરગ્રસ્ત વિસ્તારોમાં પૂરપીડિતોની સેવામાં હતા ત્યારબાદ ભાજપના તોડફોડના રાજકારણના કારણે પોતાની રક્ષા માટે તેઓ બેંગ્લુરૂ ગયા. પરંતુ ભાજપના નેતાઓ અને મુખ્યમંત્રી પૂરના શરૂઆતના પાંચ દિવસોમાં કયાં હતા. તેઓ કેમ ત્યાં કેમ ફરકયા નહી. મુખ્યમંત્રીને ગુજરાતની પ્રજાને જવાબ આપવો પડશે. તેમણે ભાજપ પર જાસૂસી કરવાનો ગંભીર આરોપ પણ લગાવ્યો હતો.

**ધાનેરા પૂરગ્રસ્ત...**

**પાના નં.૩ ચાલુ**

જિલ્લા ભાજપ મહામંત્રી ફકીરમહંમદ સાંચોરા, હારૂનભાઈ ઘાંચી, મંત્રી અનિશભાઈ મેમણ, સોહિલરાજ સૈયદ, પૂર્વ મહામંત્રી મહેબુબ મન્સુરી , સોકતભાઈ ઢુક્કા, ઈદ્રીશભાઈ નાંદોલીયા ડીસા શહેર પ્રમુખ તોસિફભાઈ મેમણ, મહામંત્રી જાકીરભાઈ મેમણ, ઉપપ્રમુખ કય્યુમભાઈ કુરેશી તથા જમીલભાઈ મેમણ (પત્રકાર), બાબુભાઈ શેખ, તથા ધાનેરા ન.પા. પ્રમુખ આશાબેન પટેલ, કાન્તિભાઈ ત્રિવેદી(ધાનેરા), ઈન્દુબેન જોષી, સહિત અગ્રણીઓ હાજર રહી ગુજરાત સરકાર દ્વારા થયેલ રાહતકામોની પ્રશંસા કરી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ, પરબતભાઈ પટેલ અને બ.કા. ભાજપ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

**પાલનપુરમાં વેફરની...**

**પાના નં.૮ ચાલુ**

હતા. જેઓએ જાણ કરતા પાલનપુર અને ડીસા પાલિકાના ફાયર ફાઈટર ઘટના સ્થળે આવી ગયા હતા. જોકે, વેફરની ફેકટરીમાં લાગેલી આગ ભીષણ બની હતી. ત્યારે કલાકોની મદદ બાદ આગ પર કાબુ મેળવાયો હતો. જોકે, ત્યાં સુધીમાં તો ફેક્ટરીનો મોટાભાગનો હિસ્સો આગમાં બળી ને રાખ થઈ ગઈ હતી. જેમાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. જોકે, અચાનક અગમ્ય કારણોસર લાગેલી આગમાં સદનસીબે જાનહાનિ ટળી હતી.

**નડાબેટ સરહદે...**

**પાના નં.૮ ચાલુ**

બહેનો બોર્ડર ઉપર ફરજ બજાવતા જવાનોને રાખડી બાંધવા માટે છેલ્લા ૧૦ વર્ષથી આવે છે. આ સમિતિ દ્વારા સરહદી, નડાબેટ, જીરો પોઈન્ટ રજીસ્ટર ચોકી વગેરે ફરજ બજાવતા જવાનોને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં કંપની કમાન્ડન્ટ કુલવંતરાવ શર્માજીની ઉપસ્થિતિમાં નડાબેટ ચોકીના હાજર જવાનોને રાખડી બાંધવામાં આવી હતી. આ પ્રસંગે સીમાજન કલ્યાણ સમિતિના ટ્રસ્ટી ડૉ.ભીખાભાઈ જે. પ્રજાપતિ, ગુજરાત પ્રાન્ત શ્રદ્ધા જાગરણના પ્રમુખ કિશોરભાઈ વ્યાસ, બ.કાં. જિલ્લા અધ્યક્ષ કરમણભાઈ પટેલ, ડૉ.લાલજીભાઈ પટેલ, સીમાના કાર્યકરો પરિવારની બહેનો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

**પૂરમાં ઘર...**

**પાના નં.૮ ચાલુ**

અને ગુજરાત વેપારી મહામંડળ- અમદાવાદના કાર્યકરોએ લાયન્સ કલબના મગનભાઈ આકોલિયા વગેરેને સાથે રાખી ખરેખર જરૂરિયાતમંદ અને સાચા અસરગ્રસ્તો કે જેમને હજુ સુધી સહાય મળી નથી. તેવા પૂરપીડીતોના અંતરિયાળ ગામોમાં ખેતર-ખેતરે ચાલતા જઈ રૂબરૂમાં કીટ આપવાની અનોખી સેવા હાથ ધરી છે. ત્યારે હકદારોને સહાય મળતા તેમના ચહેરાનો ભાવ જોઈ કાર્યકરોનો જોમ અને જુસ્સો બેવડાતો હતો. કાર્યકરો વાસણ ગામે જતા રસ્તો બનાવતા ગીગાભાઈ રબારીએ સામેના ખેતરમાં રહેતા રેખાબેન રબારીને સહાય મળી નથી તેમ જણાવતા કાર્યકરો કાંટાવાળી વાડમાંથી પસાર થઈ ત્યાં પહોંચ્યા હતા. પરંતુ પુરૂષના વેશમાં રેખાબેનને જોઈ કાર્યકરો અચંબામાં પડી ગયા હતા. પરંતુ કર્મ સંજોગે પુરૂષ બનનાર મર્દ મહિલાની કેફિયત જાણતા હાલમાં તેમને ૩૦ હેક્ટર જમીન છે. અને ચાર ઢોર છે તેમનો ભત્રીજો મુંબઈ સ્ટીલના કારખાનામાં કામ કરે છે તેથી તેની પત્નિ અને બે સંતાનો સાથે ખેતરમાં રહે છે. પરંતુ હાલમાં પૂરના કારણે તેમની ભત્રીજા વહુ સંતાનોને લઈ રાજસ્થાન પિયર જતી રહી છે. પૂરમાં તેમણે બનાવેલ નવું મકાન પડી જતા ઘરવખરી તણાઈ ગઈ છે. મગફળી અને બાજરીનું વાવેતર પણ ધોવાઈ ગયું છે. તેથી 'ઉપર આભ અને નીચે ધરતી' જેવી હાલત છે. પરંતુ સર્વે કરવા આવેલ અધિકારીએ તમારું મકાન ભારે વરસાદમાં પડ્યું છે પૂરમાં નહીં તેમ જણાવી સહાય આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારે સ્ત્રી હોવા છતાં પુરુષપ્રધાન સમાજમાં પુરૂષ વેશ ધારણ કરી ખેતી દ્વારા પરિવારનું પાલન પોષણ કરનાર મહિલા મર્દ તંત્રના અમાનવીય અભિગમથી હતાશામાં ગરકાવ થઈ ગઈ હતી. હાલમાં ચાર ઢોર પૈકી એક વિવાયેલી ગાયના દૂધ ઉપર તેઓ નભી રહ્યાં છે. તેમની ભગવાન ઉપરની શ્રદ્ધા અને હિંમતને કાર્યકરોએ બિરદાવી હુંફ પુરી પાડી હતી.

**ડીસાના ભોપાનગર...**

**પાના નં.૮ ચાલુ**

હાઈ-વે પર આવેલા જુનાડીસા પાસેના માર્ગે સ્વીફ્ટ ગાડી (જીજે ૯બીએ ૩૫૯૯)તથા માર્શલ જીપ(ન.જીજે ૯બી ૩૯૧૯)વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં સ્વિફટ ગાડીના ચાલાક બેનિટ બેબી બળકેપરમવીર રહે જુના ડીસા તથા મૂળ રહે કેરાલાનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જયારે માર્શલ જીપમાં રહેલા હનીફાબેન કાસમખાંન ઉમટિયા રહે.મેહદીપુર ગંભીર હદે ઘવાતા ૧૦૮ મારફતે ડીસા સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જોકે તેમને વધુ ઈજાઓ હોવાના કારણે વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડાવામાં આવ્યા હતા .બનાવના પગલે ઘટના સ્થળે તથા ડીસા સિવિલમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.મૃતક યુવકની લાશને પી.એમ અર્થે ડીસા સિવિલમાં ખસેડાતા તેના પરિવારજનોમાં કરુણાતીકા સર્જાઈ હતી.

**બનાસકાંઠા જિલ્લાના...**

**પાના નં.૮ ચાલુ**

સુચના અને માર્ગદર્શન અનુસાર વહીવટીતંત્ર દ્વારા સર્વે અને સહાય વિતરણની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જિલ્લાના કુલ ૧૪ તાલુકાઓમાં કુલ-૧૨,૨૪૫ પશુઓના મૃત્યુ નોંધાયા છે તે તમામ પશુઓના મૃતદેહનો નિકાલ કરી ૩૬૭૯ કેસોમાં રૂ. ૯.૦૩ કરોડની સહાય ચુકવી દેવામાં આવી છે. જિલ્લાના કુલ ૧૨૩૪ ગામો પૈકી ૧૧૩૦ ગામોમાં અન્ય સોર્સ/ ગામ જુથ યોજના ધ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે અને ૧૦૪ ગામોમાં ટેન્કર ધ્વારા પાણી અપાય છે આમ તમામ ગામોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. જિલ્લામાં પૂરથી અસરગ્રસ્ત કુલ ૫૪૪ રસ્તાઓમાંથી ૫૩૮ રસ્તાઓ ચાલુ થઈ ગયા છે અને ૬ રસ્તાઓ પર રીપેરીંગનું કામ ચાલુ છે. જિલ્લાને ૪૯ લાખ કિ.ગ્રા. ઘાસ ફાળવવામાં આવ્યું છે જે પૈકી ૬૦૩ ગાડીમાં ૧૯.૭૭ લાખ કિ.ગ્રા. ઘાસની આવક થઈ છે જેમાંથી ૧૮.૦૦ કિ.ગ્રા. ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૮૫૦૦-૩૯૦૦૦** |
| રૂપુ કાચું | ૩૮૫૦૦-૩૯૦૦૦ |
| સોનુ તોલો | ૨૯૦૦૦-૨૯૩૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** |
| પામોલીન | ૮૮૫-૯૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ |
| ૫ લીટર | ૪૧૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ |
| ૫ લી. | ૩૭૦ |
| ૨ લી. | ૧૫૭ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૮૫૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૫૦૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૬૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૪૦૦-૫૦૦ |
| સુકી ડુંગળી | ૧૫૦-૨૪૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| લીંબુ | ૩૦૦-૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| રીંગણ | ૫૦૦-૮૦૦ |
| ટામેટા | ૧૬૦૦-૨૦૦૦ |
| ભીંડા | ૫૦૦-૮૦૦ |
| કોબી | ૨૪૦-૨૮૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦ |
| **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| તુરીયા | ૮૦૦-૧૦૦૦ |

# નેસડા પ્રાથમિક શાળામાં બાળકોના આરોગ્યની ચકાસણી

પ્રતિનિધિ ભીલડી

ગત તા. ૪/૮/૨૦૧૭ ને શુક્રવારના રોજ નેસડા પ્રાથમિક શાળામાં ભાભર તાલુકાની આરોગ્ય ટીમ દ્વારા બાળકોની આરોગ્ય ટીમ દ્વારા બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય અધિકારી ડૉ.એકતાબેન દ્વારા વિદ્યાર્થીઓએ અને ખાસ કરીને બેનોએ આરોગ્ય માટે શું તકેદારી રાખવી તેની વિસ્તૃત ચર્ચા કરી હતી. ત્યારબાદ ડૉ.ગીતાબેન અને ડૉ.આનંદભાઈએ પણ આરોગ્ય વિશે માર્ગદર્શન આપ્યું હતું.એક પછી એક શાળામાં તમામે તમામ બાળકોની વ્યક્તિગત આરોગ્ય ચકાસણી કરી હતી. જરૂરિયાતમંદ બાળકોને દવા પણ આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય રાણાભાઈ પટેલે આરોગ્ય ટીમ દ્વારા સારી ચકાસણી કરવા બદલ આભાર માન્યો હતો.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં રક્ષાબંધનની ઉજવણી



ડીસા

તા.૦૫/૦૮/૨૦૧૭ ને શનિવારના રોજ શ્રી જે.ડી. અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં રક્ષાબંધનની શાનદાર ઉજવણી કરવામાં આવી. ભારતીય સંસ્કૃતિની પરંપરા અનુસાર આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી. શાળાની બહેનોએ ભાઈઓના હાથે રાખડી બાંધી કુમકુમ તિલક અને અક્ષત લગાડીને આશીર્વાદ આપ્યા હતા. ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થી ભાઈ- બહેનોએ સુંદર રક્ષાબંધનના પર્વ નિમિત્તેના ગીતો તેમજ વક્તવ્યો રજૂ કર્યા હતા. શાળાના આચાર્ય જગદીશભાઈ પરમાર, રક્ષાબંધનના પર્વની વિશેષતા પુરાણોના દ્દષ્ટાન્તો દ્વારા સમજાવી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે શાળાના શિક્ષક કાશીરામભાઈ રાજગોરે ભારતીય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વિશે સુંદર વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષિકા અંજનાબેન ઠાકોર તેમજ આભારવિધિ શિક્ષક અશોકભાઈ પ્રજાપતિએ કરી હતી. સમગ્ર સ્ટાફના સાથ અને સહકારથી કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ અને સાકાર રહ્યો હતો.

# બનાસકાંઠા જિલ્લાની તમામ કોર્ટોમાં તા.૯ સપ્ટેમ્બરના રોજ લોક અદાલત યોજાશે

પાલનપુર

ગુજરાત કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ દ્વારા બનાસકાંઠા જિલ્લાની તમામ કોર્ટોમાં આગામી તા.૯ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.નેશનલ લોકો અદાલતમાં ક્રીમીનલ કમ્પાઉન્ડેબલ ઓફેન્સ, નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ હેઠળના કેસો, બેંક રીકવરી કેસો, એમ.એ.સી.પી. કેસો, મેટ્રોમોનીયલ કેસો, લેબર ડીસ્પ્યુટ કેસો, ઈલેક્ટ્રીક્ટ અને વોટર બીલ (ચોરીમાં સમાધાન થઈ શકે તેવા કેસો) સર્વિસ મેટરજેમાં પગાર ભથ્થા અને નિવૃત્તિના લાભોને લગતા કેસો, એલ.એ.આર. (જમીનને લગતા કેસો) તેમજ અન્ય સીવીલ કેસો, (રેન્ટ, ઈજમેન્ટરી રાઈટ્સ, ઈન્જકશન સ્યુટ, સ્પેસીફીક પરફોમન્સ શ્યુટ) જેવાં તમામ પ્રકારના કેસો સમાધાન અર્થે મુકી શકાશે. તેમજ બેંકો, સેલ્યુલર કંપનીઓ, બી.એસ.એન.એલ, વીજ કંપની વગેરે દ્વારા પ્રી-લીટીગેશન લોક અદાલતનું આયોજન કરવામાં આવનાર છે.

વધુમાં વધુ લોકો સમાધાનથી વિવાદમુક્ત બને તે હેતુથી આ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ લોક અદાલત પાલનપુર ઉપરાંત ડીસા, ધાનેરા, શિહોરી, દિયોદર, થરાદ, વાવ, ભાભર, દાંતીવાડા, વડગામ, અમીરગઢ, દાંતા, સૂઈગામ, અને લાખણી ૪ ઓગસ્ટ ૨૦૧૭ સમા. સંખ્યા નં.૪૪૪ તાલુકા મથકોની તમામ કોર્ટોમાં યોજનાર છે તેમ બનાસકાંઠા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સચિવએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# પાલનપુર આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા અંગે

પાલનપુર

પાલનપુર આઈ.ટી.આઈ. માં ઓગષ્ટ-૨૦૧૭ ના પ્રવેશ સત્રમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી તા.૨૭/૦૭/૨૦૧૭ થી તા.૧૧/૦૮/૨૦૧૭ દરમ્યાન ચાલુ છે. પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરી નજીકની આઈ.ટી.આઈ. સંસ્થા ખાતે ફોર્મની પ્રિન્ટ આઉટ તમામ પ્રમાણપત્રોની નકલ સાથે જમા કરાવવા જણાવવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લાની નજીકની ૧૪ સરકારી તેમજ ૫ જીઆઈએ સંસ્થામાં ફોર્મ જમા કરાવી શકાશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે વેબએડ્રેસઃ- http;//iti-admission.gujarat.gov.in ઉપર ફોર્મ ભરી શકાશે તેમ ઔધોગિક તાલીમ સંસ્થા પાલનપુરના આચાર્યશ્રીએ જણાવ્યું છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

**★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.**

**★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.**

**કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.**

**★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.**

## જન્મદિન મુબારક

**નામ :**........................ **પતિ/પિતા :**........................
**માતા :** .....................**જ.તા.** ...............**ઉ.વ.**
**પરિચય:** ..........................................................
**સરનામુ :** ......................................................
**મોકલનારની સહી :** ..............................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## મહિલા સશક્તિકરણ પખાવાડીયા ઉજવણી બેટી બચાવો બેટી પઢાઓ



જિલ્લા પંચાયત કચેરી-સાબરકાંઠા દ્વારા મહિલા સશક્તિકરણ પખાવાડીયાની ઉજવણી અંતર્ગત તા.૫ ઓગષ્ટા-૨૦૧૭ બેટી બચાવો બેટી પઢાઓ અને દીકરો-દીકરી એક સમાનના સુત્ર સાથે જિલ્લા સેવાસદન ખાતેથી જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર વલ્લભભાઈ કાકડીયા અને જિલ્લા કલેકટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસની ઉપસ્થિતીમાં રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.

## વિસનગરમાંથી લગ્નની લાલચે સગીરાનું અપહરણ થતાં ચકચાર

મહેસાણા

વિસનગરમાં આવેલા થલોરા રોડ પરથી સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી ભગાડી જતાં વિસનગર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવામાં આવી છે. જાણવા મળતી વિગતો અનુસાર પટેલ ઉત્તમ રમણલાલ (ઉ.વ.૪૧) રહે. થલોરા રોડ, વિસનગર, મુળ રહેવાસી ઉમતાવાળાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ કે તા.૨/૮/૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હેરીટેઝ સીટી થલોરામાં રહેતો દર્શન વિષ્ણુભાઈ પટેલ પોતાની ૧૭ વર્ષની પુત્રીને લગ્નની લાલચે ફોસલાવી - લલચાવીને બાઈક ઉપર ભગાડી ગયેલ છે જેની ફરિયાદ પોલીસમાં નોંધાવામાં આવી છે. જે સંદર્ભે પી.આઈ.નીનામાએ તપાસ હાથ ધરી છે.



સાબરકાંઠા જિલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર વલ્લભભાઈ કાકડીયા અને જિલ્લા કલેકટર પી. સ્વરૂપ, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, ચેરમેન મહેશભાઈ પટેલ તેમજ સહકારી અગ્રણિઓ વગેરેની ઉપસ્થિતિમાં દ્વારા બનાસકાંઠાના પૂર અસરગ્રસ્તોને સાબરકાંઠાની સહકારી સંસ્થાઓ દ્વારા મળેલ સહાયથી ખાધ સામગ્રી,કપડાં,બ્લેકેટ, અને રાશનકીટના ટ્રકને પ્રસ્થાન કરાયું હતું.

## મણીયારી પેટાપરા ગામે આંગણવાડીમાં યોજાયેલ મહિલા શિબિર

ચાણસ્મા

મહિલા સશક્તિકરણ અને સ્તનપાન દિન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ચાણસ્મા આઈ.સી.ડી.એસ.ઘટક દ્વારા તા.૫-૭-૨૦૧૭ ના રોજ મણીયારી પેટાપરા ગામે આવેલ આંગણવાડી કેન્દ્રમાં એક મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં આંગણવાડીના બાળકો અને માતાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.આ પ્રસંગે સી.ડી.પી.ઓ.શ્રીમતી લીલાબેન યોગીએ હાજર માતાઓને સ્તનપાનથી થતા ફાયદા તેનું મહત્વ અને બાળકોના આરોગ્ય માટે પોષણક્ષમ ખોરાક તેમજ રોગો સામે રક્ષણ મેળવવા સહિત જાહેર આરોગ્યની બાબતો ઉપર ભાર મુક્યો હતો.આ પ્રસંગે સુપરવાઈઝર દક્ષાબેનને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું.આ શિબિરમાં સ્થાનિક આંગણવાડીના કાર્યકર પુષ્પાબેન પટેલ અને તેડાગર શોભનાબેન પટેલે હાજરી આપી હતી.

## રાધનપુર તાલુકાના ચલવાડામાં આરોગ્યવર્ધક ઉકાળાનું વિતરણ




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના ચલવાડા ગામે ભારે વરસાદ અને પૂરના કારણે રોગચાળો ફાટી ના નીકળે અને માનવજીવન આરોગ્યપ્રદ રહે તે માટે આયુર્વેદિક આરોગ્યપ્રદ ઉકાળાનું વિતરણ દુધમંડળી અને બનાસ ડેરીના સૌજન્યથી કરવામાં આવ્યું હતું. આ ઉકાળાનો લાભ ગામલોકોએ વધુ પ્રમાણમાં લીધો હતો.

## રાધનપુરમાં રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી




પ્રતીનિધિ રાધનપુર

રાધનપુર પંથકમાં સોમવારે રક્ષાબંધન પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવિકોએ વહેલી સવારે તૈયાર થઈને મંદિરોમાં દેવદર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે બહેનોએ ભાઈને રાખડી બાંધીને રક્ષાની પ્રાર્થના કરી હતી. બદલામાં ભાઈઓએ બહેનને યથાશક્તિ ભેટ- સોગાદ આપીને ખુશ કરી હતી. અને કુછ મીઠા હો જાયેના અંદાજ સાથે એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા.

## ઈડર ખાતે માતા યશોદા બચત અને ધિરાણ મંડળી વાર્ષિકોત્સવ ઉજવાયો



ઈડર

રાજ્ય સરકારના મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીનાં ભાગરૂપે ઈડર તાલુકાના નગરપાલિકા ટાઉન હોલ ખાતે ધી માતા યશોદા બચત અને ધિરાણ મંડળી વાર્ષિકોત્સવ વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ સંબોધનમાં મહિલા સશક્તિકરણ પર ભાર મૂક્યો હતો અને આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોનું સમાજના ઘડતર માટે મહત્વનું યોગદાન રહયું છે. તેમજ સામાજિક ક્ષેત્રે નેતૃત્વ કરી આગળ વધવા શુભકામનો પાઠવી હતી.

અને છેવાડાની મહિલા સુધી વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે જાગૃત થઇ અન્ય મહિલાઓના માર્ગદર્શક બનીએ તેવું નેતૃત્વ લેવા હિમાયત કરી હતી. પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ જણાવ્યું હતું કે આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો દ્વારા સર્ગભ માતાઓને પુરતો પોષણ આહાર મળે તેમજ બાળકોને બાલભોગ સમયસર મળી રહે તે જોવા ભાર મુકયો હતો. અને મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી અંગે માર્ગદર્શન કર્યુ હતું.

માતા યશોદા બચત અને ધિરાણ મંડળી ઈડરની બહેના દ્વારા માન. વિધાનસભાના અધ્યક્ષકશ્રીને રક્ષાબંધનની પૂર્વે રક્ષાકવચ બાંધી હતી. માતા યશોદા બચત અને ધિરાણ મંડળીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ પટેલે શાબ્દિક સ્વાગત સાથે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ કાર્યક્રમમાં પદાઅધિકારી ભરતભાઈ પંડયા, જે.ડી. પટેલ , જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ, અધિકારીઓ તેમજ મોટી સંખ્યા લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે સખીમંડળની બહેનો, આઈસીડીએસ વિભાગની બહેનો, આંગણવાડીની બહેનો, નગરની મહિલાઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાંત્રણ દિવસમાં કુલ રૂા. ૨૩૧૩ લાખની સહાય આપવામાં આવી

પાટણ

પાટણ જિલ્લામાં તા.૨૧ થી ૨૬ જુલાઇ દરમિયાન થયેલ ભારે અતિવૃષ્ટિ અને પૂરને લીધે થયેલ નુકશાની અંગે તાત્કાલિકસહાય ચૂકવવાની મુખ્યમંત્રીની સૂચના અનુસાર જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂના સબળ નેતૃત્વ હેઠળ નાયબ જિલ્લા વિકાસ અધિકારી કે.જે.પટેલ તથા અરવિંદ વ્યાસના માર્ગદર્શન હેઠળ ફકત ૩ દિવસમાં પાટણ જિલ્લાના ૨,૧૪૬ શિક્ષકો, ૩૧૫ તલાટીઓ, ૯૧ ગ્રામસેવકો, ૬૨ અધિક મદદનીશ ઈજનેરશ્રીઓ, ૧૨૧ નાયબ ચીટનીશઓ તથા પાટણ જિલ્લાપંચાયત હસ્તકના તમામ તાલુકા વિકાસ અધિકારીઓ, શાખાધિકારીશ્રીઓ તથા તમામ સંવર્ગના કર્મચારીશ્રીઓએ પાટણ જિલ્લામાં ૩ માનવ મૃત્યુ પેટે રૂા. ૧૮ લાખ, ૧,૮૮,૮૧૬ લોકોને કેશડોલ સહાય પેટે રૂા. ૧૦૯૭ લાખ, ૧૩,૪૪૨ કુટુંબોને ઘરવખરી સહાય પેટે રૂા. ૯૪૦ લાખ તથા ૧,૩૮૯ પશુ મૃત્યુ પેટે રૂા. ૨૭૬ લાખની સહાય મળી કુલરૂા. ૨૩૧૩ લાખની સહાયનું વિતરણ કરવાનું ભગીરથ કાર્ય કરેલ છે.તમામ કર્મયોગીઓએ ફરજ નિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડી ખૂબજ વિકટ પરિસ્થિતિમાં માનવીયઅભિગમ અપનાવી રાત દિવસ જોયા વગર સતત કામગીરી કરી પાટણ જિલ્લાના અસરગ્રસ્તોને સરકારશ્રીદ્વારા જાહેર કરવામાં આવેલી સહાયનું ત્વરિત વિતરણ કરવાની ખૂબજ સુંદર કામગીરી કરેલ છે. જે કામગીરીબિરદાવવા લાયક છે.

હાલમાં કેશડોલ્શ, ઘરવખરી તથા પશુ મૃત્યુ સહાયની ચૂકવણી મહદઅંશે પૂર્ણ થયેલ છે. મકાન સહાયનો સર્વે પણ ૯૦ ટકા જેવો પૂર્ણ થઇ ગયેલ છે અને તેનું ચુકવણુ ત્વરિત થાય તેવી સૂચના જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ તરફથી તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. જમીન ધોવાણ અને પાક નૂકશાનીના સર્વે માટે ૫૫૮ કર્મચારીઓની ૧૨૦ ટીમો દ્વારા ૩૦૦ ગામોનો ૩૭,૮૧૦ હેકટરનો સર્વે પૂર્ણ થયેલ છે. બાકીનો સર્વે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## રાધનપુરના ગોતરકામાં ગુરૂગાદી સ્થાનકમાં હવન




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકામાં ગુરૂગાદીમાં સુરત બીજેપીના સૌજન્યથી સ્પેશ્યલ હર્બલ આયુર્વેદિક જડીબુટ્ટીઓની આહુતિ સાથે સ્વામીજી મહારાજ દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી પૂરગ્રસ્ત ગામોમાં વાતાવરણ પ્રદુષણમુક્ત બની શકે. જેમાં સુરત ભાજપની ટીમે આહુતિ આપી હતી. ત્યારબાદ રાત્રે અંજાર હિન્દુ યુવા સંગઠનના ૪૫ સદસ્યોની ટીમે ગુરૂગાદી સ્થાનકની મુલાકાત લીધી હતી. ગુરૂગાદીના ગાદીપતિ સ્વામીજી મહારાજના જણાવ્યા મુજબ તા. ૨૪ જુલાઈથી તા. ૬ ઓગસ્ટ સુધીમાં ૪૦ હજારથી વધુ લોકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. સ્વામીજીની જગ્યામાં ગૌશાળાને વ્યાપક નુકશાન થયેલ છે. વરંડો પણ ધરાશાયી થયેલ છે, અને રસોડાના પતરાં ઉડી ગયેલ છે. તેમજ આખા મંદિરનું વાયરીંગ બળી જવા પામેલ છે. તેમ છતાંય જગ્યામાં સેવાની સરવાણી સતત વહી રહી છે. રાજ્યના મોટા- મોટા નેતાઓ અને સંસ્થાઓએ મુલાકાત લઈન જગ્યાનો લાભ લીધો છે.

## બડોલી ગ્રામ પંચાયતનું જર્જરિત મકાન નવું બનાવવા થયેલી રજુઆત

હિંમતનગર

ઈડર તાલુકાના બડોલી ગામમાં ૧૯૬૯ ની સાલમાં બનાવેલ પંચાયત ઘરનું મકાન જર્જરિત હાલતમાં થઈ ઉભું છે, તે મકાનમાંથી પોપડા પડી રહ્યા છે. તેમ છતાં આ મકાનને નવું બનાવવા માટે તંત્ર દ્વારા મંજુરી ન આપતાં લોકોમાં રોષ વ્યક્ત થઈ રહ્યો છે.

ઈડરનું બડોલી ગામ વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાના મત વિસ્તારનું છે. ગામની વસતી લગભગ બાર હજારથી વધુ છે. ગામમાં ૧૯૬૯ ના વર્ષમાં પંચાયત ઘરનું મકાન બનાવાયું હતું જે હાલ બિસ્માર હાલતમાં ઉભું છે, મકાનની છાજલીઓ વરસાદના પાણીના કારણે બેસી ગઈ છે. અને ધાબાના ભાગેથી પોપડા નીચે પડે છે. જો બારીઓ ખોલવા જાય તો આખી બારી હાથમાં આવી જાય તેથી બારી બંધ જ રાખવી પડે છે. નવા મકાનની મંજુરી આપવામાં આવે તેવી કર્મચારીઓની માંગ ઉઠી છે.

## મહેસાણાની પરા હાઈસ્કૂલમાં રક્ષાબંધનની ઉજવણી




પ્રતિ. રાધનપુર

મહેસાણાની પરા માધ્યમિક શાળામાં રક્ષાબંધનના પવિત્ર પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાની બાળાઓએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને રાખડી બાંધીને મોં મીઠા કરાવ્યા હતા. શાળામાં ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું બાળાઓએ લાઈનસર ઉભા રહીને વિદ્યાર્થીઓને તિલક કરી રાખડી બાંધીને મોં મીઠું કરાવ્યું હતું શાળાના આચાર્યએ પવિત્ર પર્વ રક્ષાબંધન અંગે સવિસ્તર માહિતી આપી હતી.

## સમીનું ચમત્કારિક લોટેશ્વર (શ્રી લોહેશ્વર) મંદિર આસ્થાનું સ્થાન



ચાણસ્મા

ગુજરાતની ગરવી ધરતી ઉપર ભોળાનાથ મહાદેવજીના ઘણા સ્થાનો છે. તેમાં ગુજરાતમાં આવેલા પાટણ જિલ્લાના સમી તાલુકામાં મનોહર મુજપુર ગામ નજીક લોહેશ્વર ગામ હાલ જે લોટેશ્વર નામથી ઓળખાય છે. ત્યાં શ્રી લોહેશ્વર મહાદેવજીનું પવિત્ર અને પ્રાચીન તીર્થસ્થાન આવેલું છે.

આ પવિત્ર તીર્થ સ્થળની યાત્રાએ હજારો માઈલ દૂરથી અનેક યાત્રિકો આવે છે આ પ્રાચીન સ્થળ માટે એક દંતકથા પણ છુપાયેલી છે.

પાંડવો પોતાના વનવાસ દરમ્યાન ભારતભરના તીર્થધામોની યાત્રાએ નીકળેલા ત્યારે આ સમી મુજપુરનો વિસ્તાર ધર્મારણ્ય ક્ષેત્ર તરીકે ઓળખાતો હતો. હાલ જ્યાં લોહેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાં ભયંકર ગીચ જંગલ હતું. ધોળા દિવસે અહી કોઈને શોધવો મુશ્કેલ પડે તેવી બાવળીયાની અડાબીડ ઝાડી હતી અને આ પવિત્ર ક્ષેત્રમાં અનેક સંત, સાધુઓ, મુનિઓ પોતાના સ્થાનમાં રહી તપની ધુણી ધખાવતા પ્રભુ સ્મરણ કરતા અને આ સ્થળની પવિત્રતામા વધારો કરતા હતા.

વેદાન્તના પરમ ઉપાસક માર્કેન્ડેય ઋષિનો આશ્રમ પણ આ મંદિરના સ્થળ પાસે જ હતો, જેને લઈને પાંડવો આ સ્થળે રોકાયા હતા. ભોજનની વેળા ત્યારે ધર્મરાજાનો નિયમ હતો કે ભોળાનાથના શિવલીંગની પૂજન અર્ચન વિધિ કરીને જ ભોજન કરવું. હવે આ વિકટ જંગલમાં આવું સ્થળ ક્યાં શોધવું? ભીમસેનના ઉદરમાં હનુમાનજી કુદકા મારતા હતા. એટલે એણે જંગલમાં એક વૃક્ષ નીચે માટીની લોટી ઊંધી વાળીને શિવલીંગ બનાવ્યુ અને ધર્મરાજાને બતાવ્યું. તેમણે શિવલીંગ માની પૂજનવિધિ પતાવી બધાએ ભોજન લીધુ પછી ભીમ, અર્જુન જ્યાં લોટી હતી ત્યાં ગયાં અને ભીમે લોટી માથે ગદા મારી ત્યાં તો તેમાંથી દુધની ધારા વહેવા લાગી તે ફાટી આંખે ભોળાનાથની શક્તિને નમી રહ્યો. ખરી શ્રદ્ધાથી જો માનવી એક પથ્થરને પુજે છે તો પ્રભુ તેની શ્રદ્ધાને જરૂર ટકાવી રાખે છે. પાંડવોના નિવાસ અવશેષરૂપે આ જગ્યાએ પાંચ કુંડો મોજુદ છે. જેમાં વચ્ચેના કુંડમાં સફાઈ માટે અવાર-નવાર પાણી કાઢી કાદવ કાઢવામાં આવે છે. ત્યારે તેમાંના અદભુત શિવલીંગના અને દુધ જેવા અને નીલરંગ પાણીના ઝરણાંના દર્શન કરતા કરતા તો કુંડ પાણીથી ભરાઈ જાય છે.

## રાધનપુર તાલુકાના નાનાપુરા ગામમાં પુર પ્રકોપની પરિસ્થિતી-સરકારની સંવેદનશીલતા

*પુરની પરિસ્થિતિ બાદ સરકાર અમારી વ્હારે આવી - કાન્તાબહેન પરમાર-નાનાપુરા તા. રાધનપુર*



પાટણ

પુર પ્રકોપની ભયાનક પરિસ્થિતિ બાદ સ્વૈચ્છિક સંગઠનો અને સરકાર મદદે આવી છે.પૂરની આ સ્થિતિમાં સરકાર અમારી પડખેઆવીને ઉભી આ શબ્દો છે,રાધનપુર તાલુકાના નાનાપુરા ગામના કાન્તાબહેન પરમારના. નાનાપુરા ગામના કાન્તાબહેન પરમાર જણાવે છે કે પુર સમયે જીંદગી જોખમે મુકાઇ હતી.આ સમયે સરકારના ઉડતા વિમાનો અમારી સહારે આવ્યા હતા. આકાશમાંથી હેલીકોપ્ટર દ્વારાફુડ પેકેટ અમારૂ જીવન હતા. સરકાર સતત અમારી ચિંતા કરી છે. સરકારે કપરા સમયમાં અમારી સાથે રહીને દુખમાં સહભાગી બની છે સરકારની તમામ બાબતોમાં મદદ મળી છે. પુર સહાયથી માંડીને ઢોરોના ધાસચારા, ઘરવખરી,પશુધન સહિતની તમામ કેશોડોલ્સ ચુકવાઇછે. સરકારના આ ગુણો અમે ના જણાવીએ તો નગુણા કહેવાઈએ તેમ ઢળતી ઉંમરના કાન્તાબહેન જણાવ્યું હતું. પાટણ જિલ્લાના અસરગ્રસ્ત તાલુકાઓમાં રાજ્ય સરકાર સંવેદનશીલ રહી છે. અસરગ્રસ્ત તમામ લોકોને કેશડોલ્સ સહિતની વિવિધ સહાય ત્વરીત ધોરણે ચુકવાના આદેશ કરી રાજયના મુખ્યમંત્રીએ સંવેદના વ્યકત કરી છે.નાનાપુરા ગામના કાન્તાબહેન જેવી અસંખ્ય બહેનો,માતાઓ અને ભાઈઓના કુંટુંબના દુખમાં સરકાર સહભાગી બની છે.રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સતત પાંચ દિવસ સુધી અસરગ્રસ્તો સાથે રહીને તેમના દુખમાં સહભાગી બન્યા છેપાટણ જિલ્લાના અસરગ્રસ્ત તાલુકાઓમાં તાત્કાલીક ધોરણે વીજળી,પાણી સહિત પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓને પુર્વવત કરાઈ છે.

## પાટણમાં નીચાણવાળા વિસ્તારોમાંથી વરસાદી પાણીનો નિકાલ ન થતાં લોકો ત્રસ્ત

પાટણ

પાટણમાં તાજેતરમાં પડેલા વરસાદથી વેરાઈ ચકલા રોડથી અંબિ-કા શાકમાર્કેટ- રામજી મંદિર સુધીનો રોડ વરસાદી પાણી ભરાવાથી ઉબડખાબડ બની ગયો છે. અને ઠેરઠેર કાદવ કીચડનું સામ્રાજ્ય સર્જાતાં વાહન ચાલકો તેમજ વેપારીઓને અવરજવર કરવી મુશ્કેલ બની ગઈ છે. સમગ્ર રસ્તા પર સતત એક અઠવાડિયા સુધી પાણીનો ભરાવો થતાં આ વિસ્તારના રહીશોને બહાર નીકળી શકાતું ન હતું. બાળકોને શાળાએ પણ મોકલતા ન હતા. પાલિકા દ્વારા વરસાદી પાણીનો નિકાલ કરવામાં ન આવતાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેના કરણે સામાન્ય તાવ અને મેલેરીયાના દર્દીઓમાં વધારો થયો છે.

પાટણમાં મોટાભાગના નીચાણવાળા વિસ્તારો જેવા કે ઝવેરી બજાર, દોશીવટ બજાર, ગોળશેરી, સોનીવાડા, નિલમ સીનેમા વિસ્તાર, ટાંકવાડા, રાજકાવાડા, ભદ્ર, લાલ દરવાજા વિગેરે વિસ્તારોમાં સમતળ રોડ ન હોવાના પરિણામે વરસાદી પાણીનો ભરાવો થાય છે અને રસ્તા વચ્ચે ભુવા પડતા લોકોને ચાલી ન શકાય તેવી સ્થિતિ સર્જાય છે. રાજ-કાવાડા વિસ્તારમાં ભારે વરસાદમાં કેડ સમા પાણી ભરાતા હોવાથી દર ચોમાસામાં લોક અવરજવર બંધ થઈ જતી હોય છે. આ વર્ષે ચોમાસામાં ધનસીપીર વિસ્તારમાં સતત સાત દિવસ સુધી વરસાદી પાણીએ ધામા નાંખતા નાના- વેપાર ધંધાવાળા સામાન્ય લોકો ભારે મુશ્કેલીમાં આવી ગયા હતા.

જ્યારે છીંડીયા દરવાજા બહાર આવેલા શીતળા માતાના મંદિર આસપાસની સોસાયટીઓમાં પણ વરસાદનું પાણી ભરાતા લોકો ત્રાસી ઉઠ્યા હતા. જ્યારે સરકારી પુસ્તકાલયના પાછળના હજુ પાણી નેઠ્યા નથી. પાલિકાએ પાણીના ભરાવાના નિકાલ માટે મોટર પાઈપ સળગાવીને પાણીનો નિકાલ કરવો જોઈએ.

## રાધનપુર પંથકમાં ગોગાબાપજીને ઘોડાના પ્રતિકનું નૈવેધ ચડાવાયુ




પ્રતિનિધિ રાધનપુર

સમગ્ર દેશ જ્યારે રક્ષાબંધનના પવિત્ર પર્વ પ્રસંગે બહેન ભાઈને રાખડી બાંધીને ઉલ્લાસભેર ઉજવે છે. ત્યારે રાધનપુર પંથકમાં ગામે-ગામના શ્રદ્ધાળુ લોકો બળેવ પ્રસંગે ગોગા બાપજીને કપડાના ઘોડાનું પ્રતિક, શ્રીફળ અને સુખડીનું નૈવેધ ધરાવી સમગ્ર વિશ્વની રક્ષા માટે ગોગા બાપજીને પ્રાર્થના કરે છે. નાનાપુરાના વતની અને પ્રોફેસર ડૉ.રણછોડભાઈ રબારીના જણાવ્યા મુજબ વડવાઓના સમયથી શ્રધ્ધાળુઓ કપડાના ઘોડા,શ્રીફળ અને સુખડીનું નૈવેધ ધરાવે છે. જેનાથી ધરતીના ગોગા મહારાજ સૌની રક્ષા કરે છે.

## રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાને વિશેષ શણગાર



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે શ્રાવણ સુદ પૂનમને રક્ષાબંધનના પવિત્ર પર્વ પ્રસંગે હિમજા માતાજીને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો અને દેવ ગામ ઉપરાંત આજુબાજુના ગામોના ભાવિકોએ હિમજા માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

# બનાસકાંઠા જિલ્લાના પૂર પિડીતોને ઝડપભેર જંગી સહાય ચુકવાઇ

## પૂર અસરગ્રસ્તોને કેશડોલ અને ઘરવખરીની રૂા.૬૯.૯૨ કરોડની સહાય ચુકવાઇ



પાલનપુર

બનાસકાંઠા જિલ્લા૯ના પૂર પિડીતોને ઝડપભેર જંગી સહાય જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા ચુકવવામાં આવી રહી છે. જિલ્લામાં પૂર અસરગ્રસ્તોને કેશડોલ અને ઘરવખરીની રૂ. ૬૯.૯૨ કરોડની સહાય ૪૦૮ ટીમો ધ્વારા ઘરે ઘરે ફરીને ચુકવવામાં આવી છે. કલેકટરશ્રી દિલીપ રાણાના સંગીન પ્રયાસોથી જિલ્લામાં ઝડપથી પૂર્વવત સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. સમગ્ર જિલ્લામાં ૪૦૮ ટીમો ધ્વારા ૭,૨૫,૩૦૬ અસરગ્રસ્તોને કુલ રૂ. ૩૯.૯૨ કરોડ કેશડોલ ચુકવવામાં આવી છે. તેમજ કુલ-૪૭,૮૧૮ કુંટુંબોને રૂ. ૩૦.૦૦ કરોડની ઘરવખરી સહાય ચુકવવામાં આવી છે. આમ કુલ-૭,૭૩,૧૨૪ પૂર અસરગ્રસ્તોને રૂ. ૬૯.૯૨ કરોડની સહાય જંગી ચૂકવી તેમનું જીવન પૂર્વવત કરવા તંત્ર દ્વારા રાત દિવસ કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લાના તમામ ગામો, નગરપાલિકા વિસ્તાર, તમામ સબ સ્ટેશનો તેમજ પાણી પુરવઠા વોટર વર્કસ સ્ટેશનમાં વીજ પુરવઠો નિયમિત રીતે ચાલુ કરી દેવાયો છે. જિલ્લામાં ૧૬૭ રાહત કેમ્પ ધ્વારા કુલ-૭૮,૨૩૮ વ્યક્તિઓને જમાડવામાં આવેલ છે અને હવે રાહત કેમ્પની જરૂર ન હોવાથી બંધ કરવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લામાં ૬૧,૪૫૫ રાશન કીટોનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ ગામ સાથે સંદેશા વ્યવહાર પૂર્વવત થઇ ગયો છે અને એસ.ટી.ની તમામ ૨૩૫૩ ટ્રીપો ૧૦૦ ટકા ચાલુ છે.

બનાસકાંઠા જિલ્લા માં ખુબ ઝડપથી પૂર્વવત સ્થિતિના નિર્માણ માટે કલેકટરશ્રી દિલીપ રાણાની

અનુસંધાન પાના નં.૬

# રાહુલ ગાંધીની કાર ઉપર પથ્થરમારાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ

**આર.એસ.હોસ્પિટલના બીજા ગેટ આગળ સ્કોરપીયો પાછળથી એક યુવાન પથ્થર મારતો દેખાય છે પણ ઓળખી શકાતો નથી**



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જ્યારે ધાનેરામાં પુર અસરગ્રસ્તની મુલાકાતે આવયા હતા. તે દરમિયાન તેમની ગાડી ઉપર પથ્થરમારાના બનાવમાં જયેશ દરજીની ધરપકડ કરાઈ હતી. પરંતુ હાલમાં શોશ્યલ મીડીયામાં કોઈ સફેદ કપડાં પહેરેલ યુવાન પથ્થર ફેકી નાસી જતો જોવા મળે છે. જેનો વિડીયો વાઈરલ થયો છે. ધાનેરા ખાતે રાહુલ ગાંધી માર્કેટયાર્ડમાં વેપારીઓને મળવા ગયેલ તે દરમિયાન કાળા વાવટા ફરકાવાયા હતા. ત્યારબાદ રાહુલ ગાંધી લાલ ચોકમાં સભા કરી હેલીપેડ તરફ જવા રવાના થયા હતા તે દરમિયાન આર.એસ.હોસ્પિટલ આગળ સ્કોરપીયોની પાછળ એક યુવાન કે જે સફેદ કપડાં પહેરેલ જેવો લાગતો હતો તેને પથ્થર મારતાં રાહુલ ગાંધી કે જેઓ નથાભાઈ પટેલ (પ્રદેશ કોંગ્રેસ જિલ્લા પ્રમુખ)ની ગાડીમા બેસી જઈ રહ્યા હતા. તયારે ગાડીના કાચ ઉપર અવાજ પણ થયો હતો. જોકે પોલીસે વીડીયો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

આ બાબતે વસંતભાઈ પુરોહિત (જિલ્લા ભાજપ ઉપપ્રમુખ) નો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર આવુ કાર્ય કરી શકે જ નહી. પરંતુ આવી હીનપ્રવૃતિ કરનાર વિકૃત માનસ ધરાવતા ઈસમે આ કૃત્ય કર્યુ છે. જે વિડીયોમાં દેખાય છે. પોલીસે તેની ધનીસ્ટ તપાસ કરી સાચા ગુનેગારને સોધવો જોઈએ જ્યારે ભાજપના કાર્યકર્તા અનિલ ઉર્ફે જયેશભાઈ દરજી સેવાકામ સંસ્થા સાથે જોડાયેલ સેવાભાવી વ્યક્તિ છે તેમની ધરપકડ ખોટી રીતે કરી છે.

**પુરૂષ બની પરિવારને પોષનાર 'મહિલા મર્દ' પુરપ્રકોપથી લાચાર**

# પૂરમાં ઘર અને ખેતી પાક ધોવાયો છતાં સહાય આપવા તંત્રના અખાડા

## લાયન્સ કલબના કાર્યકરોએ અંતરિયાળ ગામમાં જઈ સાંત્વના પાઠવી





એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના વાસણ ગામે બે ભાઈના મોત બાદ સ્ત્રી હોવા છતાં પુરૂષ બની વટભેર ખેતી દ્વારા પરિવારનું પાલન પોષણ કરનાર રેખાબેન રબારીનું પૂરમાં ઘર પડી જતા ઘરવખરી સાથે ખેતરમાં ઉભેલો પાક પણ તણાઈ ગયો છે. કુદરતના આ કોપમાં સર્વસ્વ ગુમાવવા છતાં સરકારી અધિકારીઓએ સહાય આપવા અખાડા કરતા મજબુર મર્દ મહિલા હતાશામાં ગરકાવ થઈ ગઈ છે. ત્યારે સેવાભાવી લાયન્સ કલબના કાર્યકરોએ તેના અંતરિયાળ ગામની મુલાકાત લઈ સાંત્વના આપી હતી. પુરના પાણી ઓસર્યા બાદ અસરગ્રસ્તોની વેદના અને વલોપાત પ્રકાશમાં આવવા લાગ્યો છે. ત્યારે ગતરોજ શ્રી મોઢેશ્વરી માતંગી દેવસ્થાન સંસ્થાન- મોઢેરા

અનુસંધાન પાના નં.૬

### લાયન્સ કલબની અંતરિયાળ ગામોમાં સેવા

પૂરપ્રકોપમાં સરકારી તંત્ર સાથે ગુજરાતની ખમીરવંતી પ્રજાએ સહાયની 'હેલી' વરસાવી છે. ફુડપેકેટ અને રાહત સામગ્રીનો જથ્થો વધી પડ્યો છે. તેમ છતા કેટલાક અંતરિયાળ ગામોના અસરગ્રસ્તો સહાયથી વંચિત રહી ગયા છે. તેમને પણ સહાય પહોંચાડવાની જવાબદારી લાયન્સ કલબના મગનભાઈ આકોલિયા તથા નારાયણભાઈ કાન્તિલાલ મોદી વગેરેએ ઉપાડી છે. જેઓ ચાલતા ચાલતા આવા ગામોમાં રૂબરૂ જઈ કીટનું વિતરણ કરે છે.

### સહાય મેળવવામાં નઠારા શૂરા

પૂરગ્રસ્તો માટે સરકાર સાથે સેવાભાવીઓ સહાયનો ધોધ વરસાવી રહ્યાં છે. જેના કારણે સહાયનો અતિરેક થઈ ગયો છે. ત્યારે સહાયની વહેતી ગંગામાં નુકશાન ન થયું હોવા છતાં અનેક લોકો ડૂબકી લગાવી બે બે મહિનાનું રાશન અને ઘરવખરી ઘરભેગી કરી રહ્યાં છે. તેથી સર્વે કરતા અધિકારીઓ અને કાર્યકરો તેમને ઓળખી ખરેખર સાચા અને કોઈની સામે હાથ લાંબો ન કરનારા સ્વમાની અસરગ્રસ્તોને શોધી તેમની પેટની આંતરડી ઠારે તો સાચે જ તેમની સેવા ઉગી નીકળી શકે.

### મર્દ મહિલાથી કાર્યકરો પ્રભાવિત

રેખાબેન રબારીને બે ભાઈ અને ત્રણ બહેનો અને બે ભત્રીજાનો બહોળો પરિવાર હતો. પરંતુ બે ભાઈના મોતથી પરિવાર તુટવાના આરે હતુ ત્યારે રેખાબેન રબારીએ પુરૂષનો વેશ ધારણ કરી મહિલા સશક્તિકરણને ઉજાગર કર્યું હતું. પુરૂષ બની તેમણે ખેતી અને પશુપાલન થકી પરિવારનું પાલન પોષણ કર્યું હતું. આજે ૪૦ વર્ષની ઉંમરે પણ તેમને કોઈ સ્ત્રી તરીકે ઓળખી શકે તેમ નથી. ત્યારે રણ વિસ્તાર જેવા ખેતરમાં મર્દની માફક કામ કરનાર મહિલા શક્તિથી કાર્યકરો પ્રભાવિત થયા હતા.

# ડીસાના ભોપાનગર પાસે કાર અને જીપ વચ્ચે અકસ્માતમાં એકનું મોત



(ભરત સુંદેશા)

ડીસા

ડીસાના જુનાડીસા પાસે કાર અને ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા એકનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જ્યારેએક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ડીસા સિવિલ ખાતે ખસેડવામાં આવી હતી.

ડીસાના હાઈવે વિસ્તારમાં અકસ્માતોના બનાવ વધી ગયા છે. ત્યારે સોમવારે સાંજે ડીસા પાટણ

અનુસંધાન પાના નં.૬

# ઢીમા પાંજરાપોળમાંથી આઠ અબોલ જીવોની ઉઠાંતરી

**રાત્રિના સમયે લોકોએ વાવ પોલીસ મથકે અજાણ્યા હરામખોરો વિરૂધ્ધ ફરિયાદ આપી**

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવથી ૧૦ કિ.મીના અંતરે આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા ખાતે ખોડાઢોર પાંજરાપોળ આવેલી છે. તેમાં હાલમાં અંદાજે ૨૦૦ થી વધુ અબોલ જીવો નભી રહ્યા છે. તેનું સંચાલન જૈન સંઘ ઢીમા કરે છે. આ ખોડાઢોર પાંજરાપોળની ચારે તરફ દિવાલનું રક્ષણ છે. તેની દેખભાળ માટે રાત દિવસ ચોકીદાર પણ કાર્યરત છે. જો કે રાત્રિના સમયે પાંજરાપોળના ગેટ ઉપર તાળું લાગે છે. અને ચોકીદારની હાજરી હોવા છતાં કોઈ હરામખોર તત્વોએ આ પાંજરાપોળમાંથી આઠ અબોલ જીવો (પાડાઓ) ની ઉઠાંતરી કરી રફુચક્કર થઈ જતાં જૈન સમાજ અને ઢીમા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી વ્યાપી છે. રાત્રિના સમયે ઢીમા ગ્રામજનોના ૭૦ થી વધુ લોકો વાવ પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ આપી હતી. પવિત્ર શ્રાવણ માસમાં આઠ અબોલ જીવોની ઉઠાંતરી કરતા હરામખોર તત્વો પ્રત્યે ફીટકારની લાગણી પ્રવર્તી છે. થોડા વર્ષ પહેલાં અગાઉ પણ આજ પાંજરાપોળમાંથી સાત ભેંસોની ઉઠાંતરી કરાઈ હતી. જે સંદર્ભે ફરિયાદ પણ નોંધાઈ હતી. ચોર તત્વોના નામો બહાર આવ્યા હતા. પરંતુ ભેંસોના મુદ્દે ભીનું સંકેલાઈ ગયું હતું.

### અબોલ જીવોની ઉઠાંતરીને લઈ શંકા કુશંકા

ઢીમા પાંજરાપોળ ખાતે ૨૦૦ અબોલ જીવોની દેખરેખ માટે ચારે તરફ દીવાલ છે. રાત્રિના સમયે પાંજરાપોળને તાળું લાગેલું હતું. અને દેખરેખ માટે ચોકીદારની હાજરી હતી. તો પછી આઠ અબોલ જીવોની ઉઠાંતરી કેવી રીતે થઈ આ સંદર્ભે પોલીસ ઝીણવટભરી તપાસ કરે તો ગણત્રીની મિનિટોમાં આઠ અબોલજીવોની ઉઠાંતરી કેવી પશુઓની ચોરીનો ભેદ ઉકેલાઈ શકે તેમ છે. આ આઠ અબોલ જીવોની ઉઠાંતરીમાં સ્થાનિક ચોરોનો હાથ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

# ડીસા મહિલા મોરચાની બહેનોએ કેદીઓને રાખડી બાંધી



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠાના ડીસામાં આજે અંદાજીત ૧૦૦ જેટલા કાચા કામના કેદીઓને રક્ષાકવચથી ભાજપ મહિલા મોરચાની બહેનોએ સન્માનીત કરતા આ કેદીઓ જેલની ચાર દિવાલો વચ્ચે બહેનોના આ માનવીય અને સન્માન આપતા અભિગમથી ગદગદ થયા હતા. હરખથી ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનમાં રાખડી બંધાવી આનંદિત બન્યા હતા આજે ડીસાની સબજેલ ખાતે ડીસા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ રીનાબેન પટેલ તેમજ મહામંત્રી રીનાબેન પરમાર તેમજ કોર્પોરેટર રંજનબેન ખત્રી, કાન્તાબેન પટેલ તેમજ મોરચાની અન્ય બહેનો રાખડી લઈ પહુંચી હતી.જેમણે જેલના તમામ કાચા કામના કેદીઓને કુમકુમ તિલક કરી, આરતી ઉતારી, રાખડી બાંધી હતી અને તેમના દિર્ઘાયૂ જીવન માટે મંગલ કામનાઓ કરી હતી. તેમજ કેદીઓને પણ શપથ લેવડાવી હતી કે તેઓ વ્યસનથી દૂર રહેશે અને સારા સંસ્કારો કેળવી ગૂનાહિત પ્રવૃતિઓ થી દૂર રહેસે. જ્યારે આ પ્રસંગે જેલર તેમજ પોલીસ ગાર્ડના જવાનોને પણ બહેનો એ રક્ષાબંધન પ્રસંગે રાખડી બાંધી હતી.

# ડીસાની બનાસનદીમાંથી મૃત ભૃણ મળી આવતા ચકચાર



વિપુલસિંહ દરબાર

ડીસા

ડીસાની નાની આખોલમાં આવેલ વીર મહારાજના મંદિરથી આગળ આવેલ શમશાન પાસે બનાસનદીના પટમાં પડેલ મોટા મોટા ખાડાઓમાં વરસાદી પાણી ભરાયલુ હતું ત્યારે આજે આ ૧૦ ફૂટ ઉડા ખાડોમાં કોઈ મૂર્ત બાળક તરતું હોવાનું ગામ લોકોને જાણ લોકોના ટોળે ટોળ ઉમટી પડ્યા હતા અને ગ્રામજનોએ આ બાળકને પાણીમાંથી બહાર કાઢીને ડીસા તાલુકા પોલીસને જાણ કરી હતી અને પોલીસ ઘટના સ્થળે આવીને આ બાળક ની લાશને પોસ્ટ મોટમ અર્થે ડીસાની સિવિલ હોસ્પિટલ ખસેડાઈ છે અને વધુ તપાસ ડીસા તાલુકા પોલીસ ચલાવી રહી છે.

# પાલનપુરમાં વેફરની ફેક્ટરીમાં આગ : ફેક્ટરી ભસ્મીભૂત



(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર શહેરના અમદાવાદ હાઈવે પર આવેલી એક વેફરની ફેક્ટરીમાં વહેલા પરોઢીયે આગ લાગી હતી. ભીષણ આગને પગલે વેફરની ફેક્ટરી સ્વાહા થઇ ગઈ હતી. જોકે, સદનસીબે જાનહાનિ ટળી હતી.

પાલનપુર-અમદાવાદ હાઈવે પર વર્ધમાન બંગ્લોઝ પાસે આવેલી ફ્રેન્ડઝ વેફર્સની ફેક્ટરીમાં ગત મોડી રાતના ૩ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આગની જાણ તથા પાલનપુર પાલિકાના સ્ટ્રીટ લાઈટ ચેરમેન અતુલ ચોક્સી દોડી આવ્યા

અનુસંધાન પાના નં.૬

# નડાબેટ સરહદે દેશની રક્ષા કરતા જવાનોને બહેનોએ રાખડી બાંધી મોં મીઠુ કરાવ્યું





વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

આંતરરાષ્ટ્રીય સરહદે નડાબેટ બી.એસ.એફ. ચોકીએ સીમાજન કલ્યાણ સમિતિના ઉપક્રમે રક્ષાબંધનનો કાર્યક્રમ રક્ષાબંધનના પવિત્ર દિવસે રાખવામાં આવ્યો હતો. જેમાં સીમાજન કલ્યાણ સમિતિની બહેનો અને વી.એ.ગોધાણી સુરત સ્કુલની વિદ્યાર્થીઓ દ્વારા સરહદ ઉપર ફરજ બજાવતા તમામ જવાનોના કાંડા ઉપર રાખડી બાંધી, કુમકુમ તિલક અને પેંડા દ્વારા મોં મીઠું કરાવીને જવાનોને પોતાની બહેન જેવો અહેસાસ કરાવતા જવાનોમાં આનંદ વ્યાપી ગયો હતો.

પોતાના વતનથી હજારો કિમી દૂર પાક.ની નડાબેટ સરહદ ઉપર ખડાપગે દેશની સેવા કરતા જવાનોને પોતાની સગી બહેનો દુર પોતાના ભાઈને રાખડી બાંધવા આવી શકે તેમ નથી. ત્યારે સીમાજન કલ્યાણ સમિતિના ઉપક્રમે

અનુસંધાન પાના નં.૬

# થરાદ ધાનેરા હાઇવે પર ગાંસડી ભરેલી ટ્રકમાં આગ લાગતાં અફરાતફરી

**ફાયર ફાઈટરની ટીમે પાણીનો મારો ચલાવી ઘાસ દુર કરતા ટ્રક બચી ગઈ**

(પ્રતિ.) થરાદ

થરાદ - ધાનેરા હાઈવે પર સોમવારના બપોરના સુમારે GJ19T 1789 નંબરની એક ટ્રકમાં ગ્રામિણ વિસ્તારના પશુઓ માટે ઘાસની ગાંસડીઓ ભરીને જઇ રહી હતી.જે ધાનેરા તરફ વળતાં જ ઉપરથી પસાર થતા વિજકંપનીના ઢીલા વિજવાયરોને અડકવા પામી હતી.વળી ટ્રકમાં ગાંસડીઓ પણ વધારે ભરેલી હોઇ ઉંચાઇ પણ હતી.આથી ધડાકા સાથે શોર્ટસર્કીટના કારણે ટ્રકની ગાંસડીઓ આગની જવાળાઓમાં લપેટાઇ ગઇ હતી. જેને નજીકના લોકોએ જોઇ જતાં બુમાબુમ કરીને ટ્રકને રોકાવી હતી.

ટ્રક ઉપર ચડીને ગાંસડીઓ નીચે પાડવાનો પ્રયાસ પણ કરાયો હતો પણ તેમાં સફળતા નહી મળતાં, ધીમેધીમે આગ વિસ્તરતાં ચારે બાજુ લોકોનાં ટોળાં જામતાં દોડધામ અને અફરાતફરી સાથે ઉત્તેજનાનો માહોલ ફેલાવા પામ્યો હતો. આ બનાવ અંગે પાલિકાના ફાયરફાયરટરને જાણ કરાતાં પાંચથી છ રાઉન્ડ પાણીનો મારો ચલાવી જેસીબીથી ગાંસડીઓ નીચે પાડી ટ્રકને સલામત બચાવી લેવામાં આવી હતી. જોકે ગાંસડીઓ હોલવવાનો સાડાત્રણ કલાક સુધી પ્રયાસ કરાયો હતો પણ તે લગભગ બળીને રાખ થઈ જવા પામી હતી.

### પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.કિરણકુમાર હરીભાઈ ચૌધરી
સ્વ.તા.૮/૮/૨૦૧૬

**પાનખર બની પાંદડુ ખરી પડયું, વિદાય એવી લીધી કે કાળજા કંપી ઉઠયા, આંખો એવી ભરાઈ આવી કે આજે પણ આંસુ સુકાતા નથી, સાથ એવો છોડી ગયા કે જીંદગીભર ભુલાય નહિં, ઘર અને આંગણીયા વેરાન થઈ ગયા, હે પ્રભુ તારા દિવ્ય ખજાનામાં એવી તો કઈ ખોટ હતી કે માવતરના એકના એક માળાને પીંખી નાંખી નિરાધાર બનાવી દીધા, હૈયુ રડે છે અંજલી આપતા, શબ્દો ખૂટે છે શ્રધ્ધાંજલિ આપતા, પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના..**

લિ.

**ચૌધરી હરીભાઈ કાળુભાઈ - પિતા**
**ચૌધરી મોંઘીબેન હરીભાઈ - માતા**
**ચૌધરી નિતાબેન હરીભાઈ - બહેન**
**ચૌધરી હર્ષિદાબેન હરીભાઈ - બહેન**
**મુ.પો.છાપી, તા.વડગામ, જિ.બ.કાં.**

# રૈયા ગામે અસરગ્રસ્તોને કેશડોલ્સ ચુકવવામાં ગેરરીતિની ફરિયાદ

પ્રતિનિધિ રૈયા

દિયોદર તાલુકાના રૈયા ગામે અતિવૃષ્ટિના અસરગ્રસ્તોને કેશડોલ્સ ચુકવવામાં ગેરરીતિ આચરવામાં આવતી હોવાની બુમરાડ ઉઠવા પામી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના આદેશ છે કે કોઈ અસરગ્રસ્ત વ્યક્તિ કેશડોલ્સ કે સહાયથી વંચિત રહી ન જાય પરંતુ સહાય ચુકવનાર અધિકારીઓની ગેરસમજ હોય કે અણઆવડતથી કેટલીક જગ્યાએ સાચા લાભાર્થીઓ વંચિત રહી જતા હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે દિયોદર તાલુકાના રૈયા ગામે ૯૫૦ રેશનકાર્ડ ધારકો પૈકી ૫૦૦ ને કેશડોલ્સ ચુકવાઈ છે. જ્યારે ૪૫૦ બાકી રહી ગયા છે. જે બાબતે પુછવા જતાં માત્ર જમીન વિહોણા લોકોને કેશડોલ્સ ચુકવાઈ છે. પરંતુ જમીન ધરાવનાર ખેડૂતો વંચિત રહી ગયા છે. જો કેશડોલ્સની ચુકવણી વખતે ગામના સરપંચ વધાભાઈ પરમાર, ડેપ્યુટી સરપંચ નાથાભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી ભીખીબેન વોરા, રૈયા સેન્ટરના સીઆરસી ચેલાભાઈ ડી.પટેલ, હરગોવનભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા. પરંતુ ગ્રામજનોનો આક્ષેપ છે કે કેટલાક કિસ્સાઓમાં જમીન વિહોણા લોકોને કેશડોલ્સ મળી નથી. તો જમીન ધરાવતા લોકોને કેશડોલ્સ ચુકવાઈ છે. આ બાબતે ધારાસભ્ય અને રાજયમંત્રી કેશાજી ચૌહાણને રજુઆત કરતાં તેમને જણાવેલ ગામના લોકોની યાદી બનાવીને મોકલાવાઈ છે. તે પ્રમાણે સહાય ચુકવવામાં આવે છે.પરંતુ પ્રશ્ન એ થાય છે કે યાદી પ્રમાણે કેશડોલ્સ ચુકવાઈ હોય તો સાચા લાભાર્થીઓ વંચિત કેવી રીતે રહી જાય છે. તેની તપાસ થવી જોઈએ.

